
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ડિસેમ્બર ૨૦૧૪
રૂા. ૫/૦૦







શ્રી સ્વામિનારાયણ સત્સંગ એકાદશ નિવાસી શિબિરનું ભવ્ય આયોજન
પૂ. મહંત સ્વામીના આશીર્વાદથી ભવ્યતાથી સંપન્ન થયું. ભુજ.


















(૧) કારતક સુદ એકાદશીના દિવસે શ્રી નરનારાયણાદિ દેવોના શિખર ઉપર ધ્વજાનું પૂજન કરતા યજમાનશ્રીઓ સાથે પૂ. મહંત સ્વામી-ભુજ. (૨) દર એકાદશીના થતી ભવ્ય મહાપૂજામાં બેઠેલા ભક્તો-ભુજ. (૩) બહેનોના મંદિરમાં હાટડી-ભુજ. (૪) તુલસી વિવાહ દર્શન-ભુજ. (૫-૬) તુલસી વિવાહ દર્શન-માંડવી. (૭-૮) ભુજ મંદિરના ૫ નવા સંતોની ભાગવતી દીક્ષા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૧૨ - ડિસેમ્બર – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૮

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

મનુષ્ય યોનિમાં જન્મ મેળવ્યો એ શ્રીજી મહારાજની આપણા પર વિશેષ કૃપા છે. જ્યારે ઈશ્વરે આપણને માનવ દેહ આપ્યો છે ત્યારે સૌ પ્રથમ તો આપણે 'માનવ' તરીકે જીવન વ્યતીત કરવું જોઈએ. માનવીય સદ્‌ગુણો અને સંસ્કારો પર પાશવી વૃત્તિ હાવી ન થઈ જાય તે માટે સતત જાગૃતિ રાખવી જોઈએ. આ જાગૃતિ માટે વિદ્યાભ્યાસ દ્વારા જ્ઞાનપ્રાપ્તિ આવશ્યક છે. વિદ્યા વિનાનો માનવ પશુ સમાન ગણાય છે. આપણા પૌરાણિક શાસ્ત્રોમાં પણ વિદ્યાને પ્રાધાન્ય અપાયું છે અને વિદ્વાનોને સન્માન પ્રાપ્ત થયું છે. જ્યારે માનવ અજ્ઞાનના અંધકારમાં અંધશ્રધ્ધા, અવિશ્વાસ, અનાચાર, અત્યાચાર આદિ આસુરી બાબતોમાં અટવાઈ જાય છે ત્યારે માનવતાથી વિમુખ થઈ જાય છે. આવી બાબતો સમાજમાં અરાજકતા ફેલાવી દે છે તે સૌને માટે અત્યંત નુકસાનકારક છે. આવું ન બને તે માટે વિદ્યાની પ્રાપ્તિ અનિવાર્ય છે. તેથી શ્રેષ્ઠદાનમાં વિદ્યાદાનની પણ ગણતરી કરવામાં આવે છે. શ્રી સહજાનંદ સ્વામીએ પણ જનહિત કાજે શિક્ષાપત્રીના ૧૨૧મા અને ૧૩૧મા શ્લોકમાં વિદ્યલયો સ્થાપવાની તેમજ વિદ્યાનું સંવર્ધન કરવાની વાત કરી છે. આ ઉપદેશાત્મક આદેશને આપણા સંપ્રદાયના સંતો અઢારમી સદીથી અનુસરતા આવ્યા છે અને આપણા ભુજ મંદિર દ્વારા આ આદેશનો સુચારુ રીતે અમલ થઈ રહ્યો છે.

જ્યારે કચ્છ જિલ્લામાં માધ્યમિક શિક્ષણની પુરતી સુવિધા ન હતી ત્યારે સન ૧૯૪૪માં ભુજ મધ્યે વિદ્યાર્થી ભવનની સ્થાપના શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા કરવામાં આવી જેથી આ છાત્રાલયમાં રહીને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી શકે અને ત્યારબાદ સન ૧૯૬૩માં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજની સ્થાપના દ્વારા ભુજ મંદિર દ્વારા માધ્યમિક શિક્ષણના શ્રીગણેશ થયા. આ મંગલમય માધ્યમિક શાળા શરૂ થઈ તેને ૫૦ વર્ષના વહાણાં વહી ગયા અને સન ૨૦૧૪નું વર્ષ 'સુવર્ણજયંતી' વર્ષ કરીકે ઉજવાઈ રહ્યું છે. ૨૯,૩૦ અને ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ના યોજાનાર ત્રિદિવસીય મહોત્સવમાં પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના સાંનિધ્યમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અનેક સ્મૃતિઓને વાગોળશે. તેમના જીવનમાં સંસ્થાનું ઋણ ચૂકવવાનો આ અનેરો અવસર પ્રાપ્ત થયો છે.

ભુજમાં માધ્યમિક શાળા પ્રારંભ બાદ મંદિર દ્વારા માંડવી, રામપર-વેકરા, રાપર, માનકુવા, ગાંધીધામ, નારણપર આદિ ગામોમાં ગુરુકુળોની સ્થાપના કરવામાં આવી છે અને માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અપાઈ રહ્યું છે.

કન્યા કેળવણી દ્વારા સુસંસ્કારી અને સુદઢ સમાજનું નિર્માણ કરવાના નિશ્ચય સાથે ભુજ મંદિર દ્વારા પ્રાથમિકથી માંડીને કોલેજ કક્ષા સુધીના શિક્ષણની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ વિદ્યાલયમાં કન્યા છાત્રાલયની સુવિધા પણ છે. આ વિદ્યા સંકુલમાં કોલેજનું આધુનિક સાધન-સામગ્રીથી સજ્જ અદ્યતન મહાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના વરદ્ હસ્તે તા. ૨૧-૧૨-૧૪ ના રોજ શિક્ષણાર્થે ખુલ્લું મુકવામાં આવશે.

આમ, ભુજ મંદિરે પ્રગટાવેલ શિક્ષણની જ્યોત આજે મશાલની જેમ પ્રજ્વલિત છે અને સમગ્ર કચ્છ જિલ્લામાં જ્ઞાન સુંસંસ્કાર અને સત્સંગનો કલ્યાણકારી પ્રકાશ પાથરી રહી છે.

આપણા ઈષ્ટદેવ પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણાર્થે પૃથ્વી પર પધાર્યા અને ભક્તોના ભાવ પૂર્ણ કરવા દેશ દેશાંતરમાં ખૂબ વિચરણ કર્યું. વિચરણ દ્વારા શ્રી સહજાનંદ સ્વામીનું સાંનિધ્ય માણનાર સંતો-ભક્તોનાં જીવન ધન્ય બની ગયા. આવા સંતો ભક્તોને શ્રીજી મહારાજે પોતાનાં સંપર્કમાં આવેલ વસ્ત્રો, પુસ્તકો, વાસણો, મૂર્તિ, માળા, સંગીતના સાધનો જેવી અનેક વસ્તુઓ રાજીપા રૂપે આપેલી. આવી પ્રસાદીની વસ્તુઓ લાંબા સમય સુધી સુરક્ષિત રીતે જળવાઈ રહે અને સંપ્રદાયના સર્વે સંતો ભક્તોને દર્શનનો લાભ મળે તેવા ઉમદા હેતુથી નવનિર્મિત ભવ્ય 'અક્ષરભુવન'માં મુકવામાં આવી છે. અને જેના દર્શનનો લાભ લઈ સૌ ધન્યતા અનુભવે છે. આવી દુર્લભ પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરવાનો અલભ્ય લાભ લેવાનું ચૂકાય નહીં તેનું સ્મરણ રાખશો.

સંપ્રદાયના શિક્ષણપ્રેમી અને શ્રીજી મહારાજના ચરણોમાં સમર્પિત આવા કર્મનિષ્ઠ બ્રહ્મનિષ્ઠ સંતોને કોટિ કોટિ વંદન સાથે જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૭

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



અગિયારમો અનુવાક

ગુરુનો શિષ્યને અંતિમ ઉપદેશ (દીક્ષાંત પ્રવચન)

સ્નાતક એટલે જેનું સ્નાન થઈ ચૂક્યું છે તે. વિદ્યાર્થી ગુરુકુલમાં રહીને વિદ્યાભ્યાસ કરતો. વિદ્યાભ્યાસ પૂરો થાય એટલે પૂર્ણાહુતિ સમારંભના એક ભાગરૂપે વિદ્યાર્થીને વિધિવત્ સ્નાન કરાવવામાં આવતું આ રીતે જેનું સ્નાન થઈ જાય તેનો વિદ્યાભ્યાસ પૂર્ણ થયો ગણાતો અને વિદ્યાર્થી સ્નાતક બનતો.

પહેલો ઉપદેશ

વેદનું અધ્યયન કરનાર અંતેવાસિન (આશ્રમમાં રહેનાર બ્રહ્મચારી) વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી ગુરુ આજ્ઞાથી જ્યારે પોતાના ઘેર પાછો જાય છે ત્યારે ગુરુ શિષ્યને અંતિમ શિખામણ આપે છે જે વ્યવહારિક જીવનમાં બહુ ઉપયોગી હોય છે. તે ઉપદેશનું વર્ણન આ અનુવાકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति।

આચાર્ય અંતેવાસીને...

અહીં આચાર્ય અને અંતેવાસી, બન્ને શબ્દો નોંધનીય છે. આચાર્ય એટલે આચારવાન. જેનું આચરણ વિદ્યાર્થી માટે આદર્શ-સ્વરૂપ છે તે. શિક્ષણ એટલે જીવનશિક્ષણ, માત્ર પરીક્ષા માટે પાસ થવાનું શિક્ષણ નહિ પરન્તુ સંસ્કાર યુક્ત શિક્ષણ. જીવન એટલે આદર્શ જીવન તેનું એક દૃષ્ટાંત વિદ્યાર્થી સમક્ષ સતત હાજર છે અને તે છે - આચાર્ય. આચાર્ય માત્ર વ્યાખ્યાન દ્વારા જ શિક્ષણ નથી આપતા પણ જીવન દ્વારા શિક્ષણ આપે છે.

અહીં શિષ્ય માટે 'અન્તેવાસિન્' શબ્દ વપરાયો છે. જે સતત ગુરુના સાંનિધ્યમાં રહે છે તે. શિક્ષણ એટલે શાળામાં જઈ ચાર-પાંચ કલાકનું શિક્ષણ લેવું એટલું જ નહીં પરન્તુ ચોવીસે કલાક ગુરુપાસે રહિને શિક્ષા લેવી એ જ સાચું શિક્ષણ છે. બાર વર્ષસુધી ગુરુના સાંનિધ્યમાં રહીને શિક્ષણ આપવામાં આવતું હતું. શિષ્ય ગુરુના જીવનમાંથી, ગુરુના વ્યાખ્યોનોમાંથી, સમગ્ર વાતાવરણમાંથી અને સમગ્ર ગુરુકુલમાંથી શિક્ષણ પામતો અને તેથી જ તેનો અંતેવાસી અનિવાર્ય હતો. રાજાના કુવર હોય કે પછી સામાન્ય વર્ગોના મનુષ્યનો કુવર હોય બન્ને ગુરુકુળમાં શિક્ષણ માટે રહેવા જવું પડતું અને એક સાથે કુટીરોમાં રહેવાની પરંપરા હતી.

ગુરુના ઉપદેશનું પહેલું વિધાન વાક્ય છે - ''સત્યં વદ'' સત્ય જીવનનો પાયો છે; સત્ય ધર્મનો પ્રાણ છે, સત્ય અધ્યાત્મનો આત્મા છે, સત્ય ઋતનો સર્વોચ્ચ નિયમ છે. સત્યને છોડીને યથાર્થ જીવનને પામી શકાય નહિ. સત્યને

છોડીને યથાર્થ ધર્મનું પાલન કરી શકાય નહિ. સત્યને છોડીને અધ્યાત્મપથ પર એક ડગલું ભરી શકાય તેમ નથી. ગુરુ શિષ્યને જીવન જીવવા માટે ભાથું આપે છે. બાર વર્ષ સુધી શિષ્ય ગુરુકુલમાં રહીને જે ભણ્યો છે તેનો જ સાર ગુરુ શિષ્યને બતાવી રહ્યા છે. સૌથી પહેલાં અને સૌથી મૂલ્યવાન ઉપદેશ અપાય છે - '' સત્યં વદ'' ઋષિ કહે છે - ''બેટા ! તું સત્યને જાળવી રાખજે, બાકીનું બધું જ જળવાઈ રહેશે.''

ગુરુનું બીજું વિધાન વાક્ય છે - ''ધર્મં ચર'' જે ધારણ કરે તે ધર્મ છે. ધર્મ વ્યક્તિ અને સમાજને ધારણ કરી રાખે છે. ટકાવી રાખે છે. ધર્મમાં મુખ્યત્વે બે તત્ત્વોનો સમાવેશ થાય છે (૧) અનુષ્ઠાન કરવા યોગ્ય કર્મોનું આચરણ. (૨) સદાચારયુક્ત જીવનપદ્ધતિ.

ધર્મ અધ્યાત્મની પૂર્વભૂમિકા છે. ધર્મના આચરણથી અધ્યાત્મનો પાયો તૈયાર થાય છે. ધર્મમાંથી અધ્યાત્મ પ્રગટે છે. '' ધર્મો રક્ષતિ રક્ષિતઃ'' જો આપણે ધર્મનું રક્ષણ કરીએ એટલે કે જીવનમાં તેનું આચરણ કરીએ તો ધર્મ આપણી રક્ષા કરે છે. તેથી ગુરુ શિષ્યને કહે છે - ''ધર્મં ચર'' ''બેટા ! ધર્મનું આચરણ કરતો રહેજે '' શિક્ષાપત્રી તેમજ અનેક વચનામૃતમાં શ્રીજી મહારાજ અને ધર્મ પાલન કરવા પર બહુ ભાર મુક્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ચાર પાયા છે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. આહીં પણ ધર્મને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

ગુરુ શિષ્યને ત્રીજું વિધાન વાક્ય કહે છે - ''સ્વાધ્યાયન્મા પ્રમદ'' સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહિ. શિષ્ય વેદ, વેદાંગ અને શાસ્ત્રો ભણીને પોતાના ઘરે પાછો ફરશે, પોતાનું જીવન શરૂ કરશે. તે સમયે ગુરુકુલમાં તે જે ભણ્યો છે તે જો ભૂલી જાય તો આ વિદ્યા તેના જીવનમાં ઉપયોગી બની શકે નહી. ગુરુકુલમાં ગુરુ પાસેથી જે જ્ઞાન મેળવ્યું છે તેના જીવનમાં વિનિયોગ ત્યારે જ શક્ય બને, જ્યારે શિષ્ય તે જ્ઞાન સતત સ્મરણમાં રાખે. તેથી ગુરુ તેને સતત સ્વાધ્યાયનો આદેશ આપે છે. જે ભણ્યો છે તે શિષ્ય ભૂલી ન જાય, સતત તાજું રહે અને જીવનમાં તેનો વિનિયોગ થતો રહે તેમાં જ વિદ્યાની સાર્થકતા છે. તે હેતુથી ગુરુ તેને ઉપાય બતાવે છે. '' સ્વાધ્યાયન્મા પ્રમદઃ'' ।

''બેટા ! તું સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહિ, સ્વાધ્યાય સતત ચાલુ રાખજે. સ્વાધ્યાય દ્વારા જ તું વિદ્યાના સંપર્કમાં રહી શકીશ અને વિદ્યા તને જીવન જીવવાની જડીબુટ્ટી આપશે.''સત્ય, ધર્મ અને સ્વાધ્યાય- આ ત્રણ આદેશનો ઉપદેશ આપ્યા પછી ગુરુ શિષ્યને કહે છે; - सत्यं वद । ઉપનિષદમાં આહિયાં જે મંત્ર પ્રસ્તુત કરવામાં આવ્યો છે તે જગતભરમાં પ્રસિદ્ધ છે અને નાના થી કરીને મોટા મનુષ્યો સૌ કોઈ આ મંત્રને ગાય છે અને જાણે છે તે મંત્રો આ પ્રમાણે છે. - सत्यं वद । સદૈવ સત્ય બોલો, धर्मं चर

(૧) પહેલો ઉપદેશ

स्वाध्यायान्मा प्रमदः । સદૈવ સત્ય બોલો, ધર્મના આચરણ કરો, સ્વાધ્યાયથી ક્યારેય પ્રમાદ ન કરો, आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः । આચાર્ય માટે દક્ષિણાના રૂપમાં ઈચ્છેલું ધન લાવીને આપો, આચાર્યની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને સન્તાન પરંપરાનો ઉચ્છેદ કરશો નહિ, सत्यान्न प्रमदितव्यम् । સત્યથી ક્યારેય ડગવું નહિ. धर्मान्न प्रमदितव्यम् । ધર્મથી હટવું નહિ, कुशलान्न प्रमदितव्यम् । ધન સંપતિ તથા લૌકિક ઉન્નતિનાં સાધનો પ્રત્યે ક્યારેય આળસ ન કરો, स्वाध्यायप्रवचनाभ्याम् न प्रमदितव्यम्। વેદનું અધ્યાપન અને અધ્યયનમાં ક્યારે આળસ ન કરો, તથા દેવ કાર્ય અને પિતૃકાર્ય કરવામાં ક્યારેય ભુલવું નહિ. આ મારો પહેલો ઉપદેશ છે.

(૨) બીજો ઉપદેશ

આ ઉપનિષદના મંત્રો પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે કારણ કે આ મંત્રોને ભારત સરકારે દેશના ગૌરવ ઈતિહાસમાં સ્વિકાર્યા છે અને આજે પણ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર આ મંત્રોમાં જોવા મળે છે તેથી સરકારે આ મંત્રો દ્વારા સૌનો સત્કાર કરે છે અને તમામ દેશવાસીઓ આ મંત્રોને ગાય છે અને જાણે છે. તે મંત્રો દ્વારા આચાર્ય બીજો ઉપદેશ આપતાં શિષ્યને કહે છે કે - मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव ।

अतिथिदेवो भव । માતાને દેવતારૂપ સમજો, પિતાને દેવતારૂપ સમજો, આચાર્ય-ગુરુને દેવતારૂપ સમજો, અતિથિને પણ દેવતારૂપ સમજો,નિર્દોષ કર્મોનું જ આચરણ કરો પરન્તુ દોષયુક્ત કર્મોનું આચરણ ક્યારેય પણ ન કરો, બ્રાહ્મણો તથા પોતાથી મોટાને આસન આપીને સન્માન કરો, શ્રદ્ધાપૂર્વક દાન આપો, અશ્રદ્ધાપૂર્વક તથા સમાજની શરમથી અને ચોરના ભયથી, પાપના ભયથી દાન આપવું ન જોઈએ. આ મારો બીજો ઉપદોશ છે.

ક્રમશઃ

## ડિસેમ્બર – ૨૦૧૪ની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રી |
|---|---|---|
| ૩-૧૨-૧૪ | સુખપર | અ.નિ. વેલજીભાઈ સામજી હાલાઈ, અ.નિ. ધનબાઈ વેલજી હાલાઈની પુણ્ય સ્મૃતિમાં પાંચ દિવસની કથા |
| ૪-૧૨-૧૪ | માંડવી કોડાય | પ.ભ. પ્રેમજીભાઈ નારણ છભાડીયા પરિવાર પાંચ દિવસની કથા |
| ૭-૧૨-૧૪ | સામત્રા | સાં.યો. ગોરબાઈ પ્રેમજી વરસાણીની કથા પારાયણ દિવસ પાંચની |
| ૮-૧૨-૧૪ | કેરા | કરશનભાઈ મનજી પાંચાણી તરફથી કથા પારાયણ દિવસ પાંચની |
| ૯-૧૨-૧૪ | મિરજાપર | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની. યજમાન સાં.યો. રામબાઈ ધનજી વરસાણી |
| ૧૨-૧૨-૧૪ | ઈન્દોર | શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન પ્રથમ વાર્ષિક પોટાત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ ૩ની. આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૧૩-૧૨-૧૪ | રામપર જુનોવાસ | હીરજીભાઈ પ્રેમજી રાજાણી તરફથી કથા પારાયણ દિવસ પાંચની. આચાર્ય મહારાજશ્રી કુટુંબ સહિત પધારશે. |
| ૧૫-૧૨-૧૪ | માંડવી | અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા અ.નિ. મનજીભાઈ રામજી આશાણીની પુણ્ય સ્મૃતિમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૭-૧૨-૧૪ | કેરા | પ.ભ. દેવરાજભાઈ હાલારીયા પરિવારની પારાયણમાં આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૧૯-૧૨-૧૪ | ભુજ | ભુજ કન્યા વિદ્યા મંદિર કોલેજ ઉદ્‌ઘાટન પ્રંસગે ત્રિદિવસીય કથા પારાયણ આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૨૧-૧૨-૧૪ | પિયાવા માંડવી | પિયાવા માંડવી વિસ્તારમાં ૩ દિવસની કથા પારાયણ યજમાન પ.ભ. મનજીભાઈ વાલજી ભંડેરી |
| ૨૨-૧૨-૧૪ | ભુજ | શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ઓસ્ટ્રેલીયાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની. |
| ૨૨-૧૨-૧૪ | સુખપર | મનજીભાઈ લાલજી ગોરસીયા પરિવાર તરફથી ગૌરક્ષણ પરિસરમાં પંચાહ્ન પારાયણ. |
| ૨૨-૧૨-૧૪ | રામપર જુનોવાસ | સુરેશભાઈ કુંવરજી કેરાઈ તરફથી કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૮-૧૨-૧૪ | કેરા | ધનજીભાઈ મુળજી વેકરીયા પરિવાર તરફથી કથા પારાયણ દિવસ પાંચની આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૨૯-૧૨-૧૪ | ભુજ | શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતા ૩ દિવસની સુવર્ણજયંતી મહોત્સવ. આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૨૯-૧૨-૧૪ | સામત્રા | રામજીભાઈ કેશરા વરસાણી તરફથી કથા પારાયણ દિવસ પાંચની. આચાર્ય મહારાજશ્રી પધારશે. |

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## કારતક સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- સાં.યો. કેશરબાઈ મેઘજી હિરાણી, ગોપાલ વાલજી હિરાણી ધ.પ. વીરબાઈ ગોપાલ પરિવાર - મેઘપર
- પ.ભ. કવિતભાઈ ધનજી ભુડીયા, ધ.પ. શિલ્પાબેન - માનકુવા જુનાવાસ હાલે ઓસ્ટ્રેલિયા
- પ.ભ. ક્રિસકુમાર મુકેશ હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. રામજીભાઈ વિશ્રામભાઈ વેલાણી - માનકુવા
- સાં.યો. હંસાબાઈ નારાણભાઈ ચૌધરી - રવાપર
- પ.ભ. પુષ્પાબેન રતિલાલ દેવકરણ દરજી પરિવાર હ. હર્ષદ, કલ્પેશ - ભુજ
- પ.ભ. વાલબાઈ પ્રેમજી પિંડોરીયા હસ્તે સુપુત્ર મહેન્દ્ર - માધાપર
- પ.ભ. હિરજીભાઈ વેલજી ગોરસીયા ધ.પ. નંદુબેન - માધાપર
- પ.ભ. મનસુખભાઈ રામજી કેરાઈ - માંડવી
- પ.ભ. વાઘજીભાઈ વાલજી પટેલ હ. ધનસુખ તથા પ્રવીણ પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી - સુખપર
- પ.ભ. લક્ષ્મણભાઈ માવજી પટેલ સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીની પ્રેરણાથી - સુખપર
- પ.ભ. દેવશીભાઈ જાદવા દબાસીયા - માનકુવા
- પ.ભ. રસીકભાઈ શીવજી ભુવા - સુખપર
- પ.ભ. વેલજીભાઈ વાલજી ભુડીયા - સુખપર
- પ.ભ. લાલજીભાઈ માવજી હિરાણી - સુખપર
- પ.ભ. મુળજીભાઈ રવજી વરસાણી - માંડવી
- સાં.યો. મંજુબાઈ કુંવરજી વેકરીયાના જન્મદિવસ નિમિત્તે હ. તેમના શિષ્યા- સુખપર
- પ.ભ. નવીનભાઈ મનજી હિરાણી, જયમીલ નવીન હિરાણી
- પ.ભ. હિતેન્દ્રભાઈ પ્રેમજી હરજી જેસાણી - દહીંસરા
- પ.ભ. અક્ષયભાઈ કુંવરજી ભંડેરી હસ્તે ખીમજીભાઈ - માંડવી
- પ.ભ. ઉદયભાઈ દિનેશ વેકરીયા - લંડન
- પ.ભ. કુશભાઈ મનજી કેરાઈ - વેકરા
- પ.ભ. જિજ્ઞાબેન કાનજી વેકરીયા - સુખપર
- પ.ભ. છોટાલાલ પુરુષોત્તમ ઠક્કર - ભુજ
- પ.ભ. સામજીભાઈ કુંવરજી વેકરીયા ધ.પ. મેઘબાઈ પુત્ર કાનજી સામજીની સ્મૃતિમાં હ. સ્વામી વિશ્વજીવનદાસજી
- પ.ભ. વાલજીભાઈ દેવરાજ સેંઘાણી - નારાણપર
- પ.ભ. પ્રેમજીભાઈ મનજી વરસાણી હ. મનજી કુંવરજી વરસાણી - મદનપુર
- પ.ભ. વિનોદભાઈ કરસન કેરાઈ - નારાણપર હાલે નૈરોબી
- પ.ભ. સુનિલભાઈ લાલજી હરજી રાબડીયા - સુખપર હાલે નૈરોબી
- પ.ભ. દેવશીભાઈ હરજી જેસાણી - દહીંસરા
- પ.ભ. હરીશભાઈ દેવશી કેરાઈ - નારાણપર
- પ.ભ. ભાવેશભાઈ શ્રીહરિ સાડી સેન્ટર
- સાં.યો. નિશાબેન રવજી પાધરા - સાં.યો. મંજુબાઈ મનજી વાગડીયા
- પ.ભ. હરજીભાઈ ધનજી વેકરીયા - રામપર
- પ.ભ. પ્રવીણભાઈ રામજી ભુડીયા - માધાપર
- પ.ભ. અરજણભાઈ ભીખાલાલ પિંડોરીયા - સુખપર (જૂનોવાસ)
- પ.ભ. રામરાઘવભાઈ પરેશ શિયાણી - માંડવી
- પ.ભ. રતનબેન માવજી ભુડીયા - માધાપર
- પ.ભ. વીરજીભાઈ ઝીણા હિરાણી - માધાપર
- પ.ભ. વિનોદભાઈ કાનજી ભુડીયા - માધાપર

- પ.ભ. વૃંદાબેન હિરેન હિરાણી હ. સાં.યો. રતનબાઈ દેવશી - ભક્તિનગર
- પ.ભ. નારાણભાઈ મનજી હાલાઈ શ્રીહરિ સ્વામીની પ્રેરણાથી - સુરજપર
- પ.ભ. અ.નિ. હિરબાઈ દેવશી વાઘજીઆણી હ. ધનજીભાઈ -મેઘપર
- પ.ભ. અ.નિ. સામજીભાઈ દેવજી પટેલ હ. કુંવરબેન સામજી - સામત્રા
- પ.ભ. વિનોદભાઈ નાનજી વેલાણી - સુખપર
- પ.ભ. અરવિંદભાઈ વાલજી રાબડીયા - વાડાસર
- પ.ભ. દિપકભાઈ પરબત વરસાણી - મીરજાપર
- પ.ભ. રવજીભાઈ કરસન હિરાણી માંડવીવાળા - માધાપર
- પ.ભ. દિપકભાઈ કાનજી ગોરસીયા - સુખપર
- સાં.યો. રામબાઈ હરજી વેકરીયા - બળદીયા ની.વા.
- સાં.યો. દેવબાઈ દેવજી વેકરીયા - બળદીયા ની.વા.
- પ.ભ. વિશ્રામભાઈ દેવજી વેકરીયા ધ.પ. વનિતા, સુત જય, ખુશ
- પ.ભ. પરિશાબેન ધનજી હિરાણી - અંજાર-નાગલપર
- પ.ભ. ગોવિંદભાઈ રામજી વરસાણી - સામત્રા
- પ.ભ. મનજીભાઈ વેલજી ગોરસીયા હ. સ્વામી વિજ્ઞાનદાસજી
- પ.ભ. હેતવીબેન વાલજી હિરાણી હ. વાલજી કરસન હિરાણી - માનકુવા
- પ.ભ. વાલબાઈ નારણ મુળજી સેંઘાણી - નારણપર
- પ.ભ. રસીકભાઈ કરસન દેવજી ગોરસીયા - નારણપર
- પ.ભ. જીજ્ઞેશભાઈ માવજી કેરાઈ - નારણપર ની.વા.
- સાં.યો. મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો. પ્રેમીલાબેન મુળજી ગોરસીયા હ. કાનબાઈ કરસન ગોરસીયા - સુખપર
- સાં.યો. મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો. મનીષાબેન કુંવરજી ખેતાણી હ. દેવબાઈ કુંવરજી ખેતાણી - સુખપર
- પ.ભ. પ્રેમજીભાઈ વીરજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. વિશ્રામભાઈ શીવજી મેપાણી હ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી - સુરજપર
- પ.ભ. કુંવરજીભાઈ વિશ્રામ હિરાણી હ. પ્રેમજીભાઈ બળદીયા - સુરજપર
- પ.ભ. પંકજબેન મહેશભાઈ જેઠી હ. સુત દક્ષેશ તથા જયકિશન - ભુજ
- પ.ભ. નરેન્દ્રભાઈ વાલજીભાઈ હિરાણી હ. સાં.યો. નીતાબાઈ - વેકરા
- પ.ભ. હરીશભાઈ માવજી ભંડેરી હ. સાં.યો. નીતાબાઈ - વેકરા
- પ.ભ. ભરતભાઈ કાનજી પાધરા - સુખપર
- પ.ભ. કાનજીભાઈ માવજીભાઈ સાંખલા - દયાપર
- પ.ભ. ભાગવતીબેન અરવિંદભાઈ નાકરાણી - રવાપર
- પ.ભ. હરજીભાઈ લક્ષ્મણ શીવજી વેકરીયા - નારણપર
- પ.ભ. રાજેશભાઈ લક્ષ્મણ પિંડોરીયા - વેકરા
- પ.ભ. પ્રિનાબેન નરેશ વેકરીયા હ. પ્રેમજી નારણ વેકરીયા - બળદીયા હાલે લંડન
- સાં.યો. માનબાઈ રામજીભાઈ ગોગારી - દયાપર
- પ.ભ. ગાર્ગી વિપુલ વરસાણી તથા હેતવી, અશ્વિન વરસાણી હ. સાં.યો. નીતાબાઈ - બળદીયા
- સાં.યો. પુરબાઈ અરજણ સેંઘાણી હ. સાં.યો. નીતાબાઈ - નારણપર ઉ.વા.
- સાં.યો. સામબાઈ ભીમજી પિંડોરીયા હ. સાં.યો. નીતાબાઈ - નારણપર ઉ.વા.
- પ.ભ. સીતાબેન મુકેશ હાલાઈ સુત કપુર હ. સાં.યો. નીતાબાઈ - માંડવી
- પ.ભ. હરજીભાઈ પ્રેમજી વરસાણી ધ.પ. ધનુબેન હ. સાં.યો. જ્યોતિબેન સુત રીતેશ - નારણપર ઉ.વા.
- પ.ભ. દેવબાઈ મનજી ભુવા હ. સાં.યો. નાનબાઈ - કેરા
- પ.ભ. વિશ્રામભાઈ કરસન વરસાણી ધ.પ. રામબાઈ સુત વિજય - માધાપર
- પ.ભ. વાલબાઈ રામજી ખેતાણી હ. સાં.યો.

- અમરબાઈ લાલજી - મદનપર
- પ.ભ. ઘનશ્યામભાઈ પ્રકાશ ગોરસીયા હ. સાં.યો. અમરબાઈ લાલજી - મદનપર
- પ.ભ. માવજીભાઈ પ્રેમજી ગોરસીયા - મદનપર
- પ.ભ. કિશોરભાઈ લક્ષ્મણ જેસાણી - દહીંસરા
- પ.ભ. ધર્મિષ્ઠાબેન કમલેશ પટેલ - જમીયતપુરા
- પ.ભ. શાંતાબેન લાલજી ભુડીયા - કેરા હાલે ઓલ્ડહામ
- સાં.યો. રતનબાઈ રવજી હાલાઈ - નરનારાયણનગર
- પ.ભ. વિનોદભાઈ પ્રેમજી કેરાઈ - મીરજાપર
- પ.ભ. રામબાઈ કરસન હિરાણી - ગોધરા
- સાં.યો. પ્રેમબાઈ લાલજી વરસાણી - ભારાસર
- પ.ભ. ચિરાગભાઈ પ્રવીણ ગોસ્વામી મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર હાલે કંપાલા
- પ.ભ. સંજયભાઈ ભીમજી ગોર મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. વિજયભાઈ વિશ્રામ માધાપરીયા ધ.પ. લક્ષ્મીબેન પુત્રી જાનકી તથા પુત્ર મિલન હ. હસ્મિતા - માધાપર હાલે લંડન
- પ.ભ. કાનજીભાઈ શીવજી કેરાઈ - નારણપર
- સાં.યો. સવિતાબેન ધનજી હિરાણી હ. ધનજીભાઈ કેશરા હિરાણી - સુખપર
- પ.ભ. ભારતીબેન ધર્મેન્દ્ર પિંડોરીયા - સરલી
- પ.ભ. શીવજીભાઈ કરસન ભુડીયા - ભક્તિનગર
- પ.ભ. હરજીભાઈ પ્રેમજી ગોરસીયા સહપરિવાર - સુખપર
- પ.ભ. કિશોરભાઈ હરજી સેંઘાણી - નારણપર ની.વા.
- પ.ભ. લક્ષ્મણભાઈ સામજી પિંડોરીયા હ. પુત્ર દિપેશ ધ.પ. હિના - મીરજાપર
- પ.ભ. દિનંતભાઈ દિનેશ રાઘવાણી - બળદીયા
- પ.ભ. કાંતિભાઈ વાલજી વેકરીયા નારણપર હ. કેશરા કરસન ભુડીયા - ફોટડી
- પ.ભ. લક્ષ્મણભાઈ કુંવરજી પિંડોરીયા હ. કિશોર તથા દિનેશ સહપરિવાર - ભુજ
- પ.ભ. જાદવજીભાઈ મનજી જેસાણી - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. દિનેશભાઈ લક્ષ્મણ પિંડોરીયા સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. હિતેશભાઈ વીરજી પિંડોરીયા હસ્તે સાં.યો. નીતાબાઈ - સામત્રા
- પ.ભ. કાંતાબેન નારણ હાલાઈ - કોડકી
- પ.ભ. મહેન્દ્રભાઈ લાલજી પિંડોરીયા - સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. અમરબેન કાનજી વેકરીયા - સુખપર
- પ.ભ. હિતેશભાઈ જાદવા લાલજી ખેતાણી - ફોટડી
- પ.ભ. અરવિંદભાઈ લાલજી રાબડીયા - વાડાસર
- પ.ભ. રવજીભાઈ કરસન હિરાણી માંડવીવાળા (શ્રી હરિ ટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ) - માધાપર
- પ.ભ. કશ્યપભાઈ પરબત સામજી હાલાઈ હ. સાં.યો. નાનબાઈ કરસન - કેરા
- પ.ભ. સામબાઈ મનજી હિરાણી હ. મનજી કલ્યાણ સુખપર
- સાં.યો. પ્રેમબાઈ લાલજી વરસાણી - ભારાસર
- પ.ભ. વિનોદભાઈ નારણ વેકરીયા ધ.પ. ભારતીબેન મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - હરીપર
- પ.ભ. ચિરાગભાઈ પ્રવીણ ગોસ્વામી મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર હાલે કંપાલા
- પ.ભ. લક્ષ્મીબેન વિજય માધાપરીયા પુત્રી જાનકી તથા પુત્ર મિલન હ. હસ્મિતા - માધાપર હાલે નૈરોબી
- પ.ભ. પ્રિતેશભાઈ કાનજી વેકરીયા - સુખપર
- પ.ભ. સામજીભાઈ કુંવરજી વેકરીયા ધ.પ. મેઘબાઈ પુત્ર કાનજી સામજીની સ્મૃતિમાં હ. વિશ્વજીવનદાસજી સ્વામી
- પ.ભ. અરવિંદભાઈ વાલજી રાબડીયા - વાડાસર
- પ.ભ. રવજીભાઈ કરસન હિરાણી માંડવીવાળા - માધાપર
- સાં.યો. પ્રેમબાઈ લાલજી વરસાણી - ભારાસર
- પ.ભ. ચિરાગભાઈ પ્રવીણ ગોસ્વામી મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - કંપાલા
- પ.ભ. નાનજીભાઈ હરજી જેસાણી તથા રામુબેન

- નાનજી તથા દિપાબેન - બળદીયા ઉ.વા.
- પ.ભ. કાનજીભાઈ અરજણ ખેતાણી - કોડકી
- પ.ભ. વીણાબેન ગોપાલ સુવરણા - મસ્કત
- પ.ભ. હસુભાઈ ઠક્કર મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - ભુજ

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- પ.ભ. અ.નિ. હીરબાઈ દેવશી વાઘજીયાણી - મેઘપર
- પ.ભ. રાધાબાઈ મનજી વેકરીયા - સુખપર
- પ.ભ. વિરબાઈ હીરજી કાનજી કેરાઈ - બળદીયા ની.વા.
- સાં.યો. મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી શ્યામભાઈ પ્રવિણ ગોરસીયા હસ્તે સાં.યો. અમરબાઈ લાલજી - મદનપર
- પ.ભ. સુંદરબેન રામજી કેરાઈ હ. રામજી ગોપાલ દબાસીયા - માનકુવા
- પ.ભ. નારણભાઈ ભીમજી હીરાણી તથા કાન્તી નારણ હિરાણી - સુખપર
- પ.ભ. શામબાઈ વેલજી હ.સાં.યો. નીતાબેન, અનિતાબેન - ભક્તિનગર
- પ.ભ. શાન્તાબેન નારણ રાબડીયા - સુખપર
- પ.ભ. ધનબાઈ કાનજી હીરાણી - મિરજાપર

## ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા દિવાળીના ૧૧ હજાર દિવળાઓ પ્રગટાવી પ્રકાશપર્વ ઉજવાયું

ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા દીપાવલિ તહેવારોની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમાં કાળી ચૌદશના હનુમાનજી પૂજન, દિવાળીના સમૂહ ચોપડા પૂજન, રંગોળી સ્પર્ધા , દિવાળી સભા, સંતોના આશીર્વચન. ૧૧ હજાર દિવળાઓ પ્રગટાવી પ્રકાશપર્વને વધાવાયું હતું. નૂતન વર્ષારંભે અન્નકૂટ દર્શનનો લાભ લેવા વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

શ્રી નરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોની પ્રસન્નતાર્થે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી તા. ૨૨-૧૦-૧૪ થી તા. ૨૪-૧૦-૧૪ સુધી મંદિરને રોશનીથી શણગારી પ્રકશપર્વ દીપાવલિના તહેવારોની ઉજવણી કરાઈ હતી. એવું કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજીએ જણાવ્યું હતું.

વધુ માહિતી આપતા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ કહ્યું હતું કે તા. ૧૯-૧૦-૧૪ના અગિયારસ હતી અને પછી તા.૨૧-૧૦ થી સળંગ ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી અને નૂતન વર્ષારંભ આવતા હોઈ છ દિવસ હરિભક્તોની સતત આવ-જાવ ચાલુ જ હતી. તા. ૨૨-૧૦-૧૪ના કાળી ચૌદશ હોવાથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ હનુમાનજીના પૂજનનો લાભ લીધો હતો. તા. ૨૩-૧૦-૧૪ના દિવાળી હોવાથી વેપારીઓ અને વ્યવસા યકો ચોપડા પૂજન માટે આવ્યા હતા. જેથી બપોરે ૩:૩૦ વાગે શુભ મૂહુર્તમાં સમૂહ ચોપડા પૂજન, આકર્ષક રંગોળી પ્રદર્શન, સાંજે ૫ વાગે દિવાળી સભા અને ત્યારબાદ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના આશીર્વચન કાર્યક્રમ યોજાયો હતો. બાદમાં ૧૧ હજાર દિવળાઓ પ્રગટાવી પ્રકાશપર્વ દિવાળીને વધાવાઈ હતી. જેના દર્શનનો લાભ લેવા સત્સંગી હરિભક્તો ઉપરાંત ઠેરઠેરથી લોકો ઉમટી પડ્યા હતા. જેથી હકડેઠઠ ભીડ જામી હતી. દીપમાળાની હારમાળાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. બીજા દિવસે નૂતન વર્ષારંભ હોઈ વહેલી સવારથી જ હરિભક્તોની અવરજવરબાદ શરૂ થઈ ગઈ હતી. સવારે ૧૦ વાગે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને યજમાનોના હસ્તે અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. જેના દર્શનનો લાભ લેવા ભુજ ઉપરાંત આસપાસના પટેલ ચોવીસીના ગામોમાંથી હરિભક્તો ઉમટી પડ્યા હતા. બાદમાં સંતોના આશીર્વાદ લઈ હરિભક્તોએ પરસ્પર શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

# અક્ષરભુવન ઉદ્દ્ઘાટન મહોત્સવ - ભુજ

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોના આશીર્વાદ તથા માર્ગદર્શન મુજબ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરભવન ઉદ્દ્ઘાટન મહોત્સવ તેમજ શ્રી નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમ પ્રકાશ પંચાહ્ન પારાયણ તા. ૧૮-૧૧-૧૪ થી તા. ૨૨-૧૧-૧૪ સુધી ધામધૂમથી ઉજવવાઈ ગયો.

પ્રથમ દિવસે પ્રસાદી મંદિરેથી સવારે ૮ વાગે ભવ્ય પોથીયોત્રા યોજવામાં આવેલ હતી. જેમાં યજમાનશ્રીઓ, સાં.યો. બહેનો,સંતો તથા ગામેગામથી આવેલ હરિભક્તો જોડાયેલ હતા. વાજીંત્રો સાથે બહેનોએ સુંદર કળશ તથા પોથીઓ માથા ઉપર લઈ વાજતે ગાજતે સભા મંડપમાં પધારેલ. મહંત સ.ગુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાનો સાથે આરતી ઉતારી વકતાશ્રી શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી અક્ષરભુવનમાં શ્રીજી મહારાજે ઉપયોગ કરેલ વસ્તુઓ એવી અમૂલ્ય વસ્તુઓ વ્યવસ્થિત જળવાઈ રહે અને સંપ્રદાયના સર્વે સંતો ભક્તોને દર્શન એવા ઉમદા હેતુથી અક્ષરભુવનમાં રાખવામાં આવેલ છે એમ જણાવ્યું હતું.

આ પ્રસાદી વસ્તુઓનો ઈતિહાસ દરરોજ કથામાં સુદર રીતે કથાના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તેમજ વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજી સમજાવતા હતા. વિગતવાર વસ્તુઓનું પર્દા પર દર્શન કરાવી તેનો ઈતિહાસ જણાવતા રોજ કથામાં સાંજે જુદા જુદા સંતો આશીર્વાદ આપતા.

તા. ૨૧-૧૧-૧૪ના બપોર પછી ભવ્ય શોભાયાત્રા ડોસાભાઈ ધર્મશાળાથી નિકળી બસસ્ટેન્ડ થી ભુજ શ્રી સ્વામિનારાયણના મંદિરના સભા મંડપમાં આવેલ. આ શોભાયત્રામાં પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સુંદર રથમાં બિરાજી દર્શન આપતા ગામેગામથી પધારેલ ભજન મંડળીઓ સુંદર વસ્ત્રોમાં વાજીંત્રો તેમજ ઢોલ સાથે યજમાનશ્રી બહેનો અને ભાઈઓ, સાં.યો. બહેનો ભુજ શહેર અને ૨૪ ગામથી આવેલ હરિભક્તો સાથે જોડાયા હતા.

કથામાં સાંજે ૫:૩૦ વાગે શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ ઉત્સાહ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવેલ આ પ્રસંગે સુંદર વેશભુષામાં બાળકો દાંડીયા રાસ તેમજ ઢોલ તેમજ શરણાઈ સાથે સભામંડપમાં પ્રવેશ્યા હતા. આ બાજુ સોનાના પારણામાં શ્રી ઘનશ્યામ મહારાજને મહંત સ્વામી, યજમાનશ્રીએ ઝુલાવેલ. સંતોએ હરિભક્તોને ફૂલો વરસાવીને રાજી કરેલ. ત્યારબાદ રાસમાં યજમાન પરિવાર તેમજ સંતો અને હરિભક્તો જોડાયા હતા. સભા મંડપ હરિભક્તોની હાજરીથી ભરેલ હતા. બહેનોના વિભાગ યજમાન પરિવારની બહેન તથા મહિલા મંડળ રાસમાં જોડાયેલ. સુંદર પદ સાથે સંગીતકાર સંતોએ પદો રજૂ કરેલ હતા. ત્યારબાદ શ્રી ઘનશ્યામ મહારાજ સોનાના પારણામાં બીરાજેલ તેમની આરતી મહંત સ્વામી, યજમાનશ્રીઓ સાથે ઉતારેલ. બહેનો વિભાગમાં પણ યજમાનશ્રી બહેનોએ આરતીનો લાભ લીધેલ. આજે બહેનોના મંદિરમાં ઠાકરથાળી રાખવામાં આવેલ હતી. સ.ગુ. સ્વામી શાન્તીપ્રિયદાસજીએ ઘંટીનો તેમજ ખુરશીનો ઈતિહાસ હરિભક્તોને જણાવેલ. શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રસાદદાસજીએ અક્ષરભુવન તૈયાર કરવા દોઢ વર્ષથી સંતો મહેનત કરેલ છે ત્યારે અક્ષરભવન તૈયાર થયેલ છે. જેમાં હાલે ૧૧૩૦ પ્રસાદીની વસ્તુઓ મુકવામાં આવેલ છે. ૧૨૯ વર્ષ સુધી સંતોએ સાચવી રાખેલ પ્રસાદીની વસ્તુઓના દર્શન થશે. ગાયોના ચારા માટે હરિભક્તોએ હોંશભેર દાન આપેલ.

આચાર્ય મહારાજશ્રીનું સભામંડપમાં મહંત સ્વામી તેમજ સ.ગુ. પાર્ષદવર્ય જાદવજી ભગતે હાર પહેરાવી સ્વાગત કરેલ. સાથે જુદા જુદા સંતોએ મહારાજશ્રીને હાર પહેરાવીને સ્વાગત કરેલ. ત્યારબાદ મુખ્ય યજમાન પરિવારે હાર પહેરાવી ભુજ મંદિરના ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ, હરિભક્તોએ મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરેલ હતું. પ્રસાદીની

વસ્તુઓની માહિતી પુસ્તિકા તૈયાર થયેલ તેનું વિમોચન મહારાજશ્રીએ કરેલ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ પ્રવચનમાં જણાવેલ કે પ્રસાદીની વસ્તુઓનું મૂલ્ય કરી શકાય નહીં. કથાના યજમાને જે લાભ લીધેલ તે બદલ આશીર્વાદ આપેલ. અક્ષરભુવન તૈયાર કરવામાં નાના સંતો વડીલ સતોના માર્ગદર્શન હેઠળ ઘણી જ સારી સેવા આપેલ છે. અને સમયસર તૈયાર કરી આપેલ છે. ગામેગામના હરિભક્તો તેમજ સાં.યો. બહેનોએ ખુબ જ સેવા કરેલ છે. લંડનથી પધારેલ મુખ્ય યજમાનએ આ અવસરનો લાભ લીધેલો તે બદલ આશીર્વાદ આપેલ.

મુખ્ય યજમાનો વતી શ્રી ઉમંગભાઈએ પ્રવચનમાં જણાવેલ કે એમોને ખૂબ જ આનંદ થયો કે અમોને આ તક આપવા બદલ ભુજ મંદિરના મહંત તેમજ વડીલ સંતોનો આભાર માનીએ છીએ.

પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં જણાવેલ કે અક્ષરભુવનમાં મુકેલ પ્રસાદીની વસ્તુઓનું કથામાં છણાવટથી જાણી આનંદ થયો. પ્રસાદીની વસ્તુઓ હોય તે પદાર્થ નથી ચૈતન્ય છે. એક એક વસ્તુ પાછળ ઈતિહાસ છે. આ કાર્ય માટે સંતો તથા હરિભક્તોને ધન્યવાદ છે. સત્સંગના કામની પૂર્ણાહુતિ થાય નહિ. મુખ્ય યજમાન પરિવારને આશીર્વાદ પાઠવીએ છીએ. પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રસાદદાસજી આદિ સેવા કાર્યમાં જોડાયેલ સંતોને આ કાર્ય બદલ આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલક સ્વામી ઉત્તમચરણદાસજીને સુંદર સંચાલન બદલ મહારાજશ્રીએ હાર પહેરાવીને આશીર્વાદ આપેલ. કથામાં તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી તથા સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ સુમધુર સંગીતનો સાથ આપેલ. તેઓને પણ હાર પહેરાવી સન્માનિત કરેલ.

પ.ભ. કરસનભાઈ ઝીણા જેસાણી પરિવાર તથા અ.નિ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીના આશીર્વાદ તથા આ કાર્યમાં અક્ષરભવન બાંધકામ તેમજ ઉદ્‌ઘાટન મહોત્સવના મુખ્ય યજમાનશ્રી કચ્છના સમસ્ત સાંખ્યયોગી બહેનોએ સાં.યો. મહંત સામબાઈ અરજણ હિરાણીની આજ્ઞાથી અને પ્રેરણાથી આ સહયોગ આપેલ હતો. આ પ્રસંગે જુદા જુદા ગામના કોઠારી સ્વામીઓ પધારેલ.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## ભાવભર્યું આમંત્રણ

વિદ્યા વિનાનો માનવ પશુ સમાન છે. વિદ્યાલયો મનુષ્યમાં શિક્ષણ અને સંસ્કારો દ્વારા માનવતાના ગુણોનું સિંચન કરી તેની પ્રગતિમાં પ્રેરક બળ પુરવાર થાય છે. આપણા ભુજ મંદિર દ્વારા સત્સંગીઓના જીવન વિકાસમાં શિક્ષણની પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર યોગદાન આપવામાં આવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ કન્યાઓને રહેવાની સગવડ સાથે આપવામાં આવે છે. કન્યાઓ માટેના અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય વિદ્યાલય (કોલેજ બિલ્ડીંગ)ના બાંધકામનું કાર્ય પૂર્ણતાના આરે છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૯,૨૦,૨૧-૧૨-૨૦૧૪ બુધવારના રોજ ધામધૂમથી ઉજવવાનું આયોજન છે.

તે જ રીતે હજારો સત્સંગીઓના જીવન ઘડતર, સમૃદ્ધિ અને સામજિક પ્રતિષ્ઠા માટે કારણભૂત છે એવી આપણી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોઈ 'સુવર્ણ જયંતી'ની ભવ્યાતિ ભવ્ય ઉજવણી અન્વયે તા. ૨૯,૩૦ અને ૩૧-૧૨-૨૦૧૪ના સોમ, મંગળ અને બુધવારના રોજ કરવાનું નિર્ધારેલ છે.

આ અવસરે ઉપસ્થિતિ રહી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરવાનું આપને ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

*આશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ !* *- મહંત સ્વામી*

# સત્સંગ સમાચાર

## રવાપર– પાટોત્સવ સાથે તુલસી વિવાહ

શ્રી સ્વામિનારાયણ મંદિર રવાપર મધ્યે તા ૩-૧૧-૧૪ અને તા. ૪-૧૧-૧૪ના તુલસી વિવાહ એવમ્ મંદિરનો ૨૨મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

તા. ૩-૧૧-૧૪ સોમવારના એકાદશીના દિવસે બાઈઓના મંદિરના પટ્ટાંગણમાં તુલસી વિવાહની માંડવાવિધિ કરવામાં આવી હતી. રાત્રે ૮ વાગ્યે ઢોલ અને શરણાઈઓના નાદે મંદિરથી ગામની શેરીઓમાં વાજતે ગાજતે ફુલેકું પસાર થયા બાદ ભાઈઓના મંદિર તથા બાઈઓના મંદિરમાં અલગ અલગ રાસોત્સવ યોજાયો હતો. જેમાં નાના મોટા સહુ હરિભક્તો મન મૂકી રાસ રમ્યા હતા અને શ્રીજી મહારાજને રાજી કર્યા હતા.

તા. ૪-૧૧-૧૪ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર રવાપરનો ૨૨મો પાટોત્સવ ઉજવાયો હતો. જે અંતર્ગત ભુજથી સ્વામી માધવપ્રસાદદાસજી સાથે વડીલ સંત સનાતનદાસજી સ્વામી તથા સ્વામી રામસ્વરૂપદાસજી આદિ સંતો પધાર્યા હતા અને વક્તા સંત દ્વારા શાસ્ત્રોનું વાંચન કરી સહુ હરિભક્તોને શાસ્ત્રોનો મર્મ સમજાવ્યો હતો. બાદમાં સ્વામી માધવપ્રસાદદાસજી દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજના અભિષેક અને મંદિરના શિખરની ધ્વજાના યજમાનો માટેની પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી. જેની અંદર જે ભક્તોએ ઉછામણી દ્વારા ઊંચો આંક આપ્યો હતો તેઓએ અભિષેક વગેરેના યજમાન પદનો લ્હાવો મેળવ્યો હતો. બાદમાં સંતો દ્વારા તથા યજમાનો દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. હરિભક્તોના ઘરેથી વિવિધ અન્નકૂટ બનાવી શ્રીજી મહારાજને પ્રેમથી જમાડ્યા હતા.

બાદમાં સત્સંગ સમાજવાડીમાં યજમાન દ્વારા ભોજનરૂપી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેનો સહુ હરિભક્તોએ લાભ લીધો હતો. અ.નિ. પ્રેમજી નાગજી વાસાણી પરિવાર હાલ ગામ વાપી વાળા આ ભોજન રૂપી મહાપ્રસાદના યજમાન પદે રહ્યા હતા.

અને રાત્રે ૮:૦૦ વાગ્યે મંદિરથી ગામની શેરીઓમાં વાજતે ગાજતે લાલજી મહારાજનો વરઘોડો નીકળ્યો હતો જેમાં બાળકો તથા નાના મોટા હરિભક્તો પણ મહારાજના લગ્નની ખુશીમાં ઢોલના તાલે પ્રેમથી ઝુમ્યા અને રમ્યા હતા.

વરઘોડાની સમાપ્તિ પછી રાત્રે ૯:૩૦ વાગ્યે બાઈઓના મંદિરમાં બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તુલસી વિવાહની વિધિ થઈ હતી. જેમાં સમગ્ર ગામમાંથી સત્સંગી બાઈઓ તથા ભાઈઓ સહુ પધારી આ ઉત્સવનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

અહેવાલ :- પરેશ તુલસીદાસ શાંખલા


### ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ–વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર–દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/– વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

## ગાંધીધામ ગુરુકુળમાં પૂર્વ વિદ્યાર્થીઓનું સત્સંગ સ્નેહ સંમેલ યોજાયું.

શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામની સ્થાપનાને ૧૫ વર્ષ પૂરાં થતાં તા. ૮, ૯ નવેમ્બર, ૨૦૧૪ શનિવાર-રવિવારના પૂર્વ વિદ્યાર્થીઓના બે દિવસીય સત્સંગ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેવા દેશ-વિદેશથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હોંશભેર ઉમટી પડ્યા હતા.

સંમેલનના અધ્યક્ષ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી. આ પ્રસંગે ભુજ મંદિરના કોઠારી પાર્ષદ જાદવજી ભગત , સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુરાણી સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ ગુરુકુળના પ્રમુખ પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, મંત્રી સ્વામી હરિમુકુન્દદાસજી, પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી સંતજીવનદાસજી, પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી તથા ગુરુકુળના વર્તમાન ટ્રસ્ટીશ્રીઓમાં શ્રી નારણભાઈ સાંખલા, શ્રી વેલજીભાઈ કેરાઈ, શ્રી કલ્યાણભાઈ હિરાણી, શ્રી હિંમતભાઈ રાદડીયા, શ્રી કિરણભાઈ આહિર તથા શ્રી હરિશભાઈ મેપાણી તથા તમામ માજી ટ્રષ્ટીઓમાં શ્રી પ્રેમજીભાઈ ઠક્કર, શ્રી કરશનભાઈ હિરાણી, શ્રી નવીનભાઈ પીનારા તથા ગુરુકુળના ભૂતપૂર્વ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત ગાઈ સૌને આવકાર્યા હતા

સવારના સત્સંગના પ્રથમ સત્રની શરૂઆત શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીના વ્યાસાસનેથી સુમધુર સંગીતના સથવારે કથાના શુભારંભથી કરવામાં આવ્યો હતો. સંગીતકાર ગાયક સ્વામી શ્રી જીનંદનદાસજી તેમજ તબતાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ સંગીત પર સાથ આપ્યો હતો. આ પ્રસંગે વક્તાશ્રીએ પધારેલ તમામ વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે વર્તમાન શિક્ષણનું મહત્ત્વ સમજાવતા શીખ આપી હતી કે, શિક્ષણ પૂરું થયા પછી વિદ્યાનો ઉપયોગ સમાજ તેમજ દેશના વિકાસ માટે કરજો. ત્યારબાદ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, પૂર્વ વિદ્યાર્થીઓનું આ સત્સંગ સ્નેહ સંમેલન છે. તેમાં નામી અનામી ઘણી વ્યક્તિઓ આ ગુરુકુળમાં અભ્યાસ કરી ગયા છે. તેઓનાં ભાલમાં આજ પણ તિલક-ચાંદલો જોઈને અતિ આનંદ થાય છે. તેમણે શીખ આપતા કહ્યું હતું કે, આવો ને આવો સત્સંગ કરતા રહેજો. તેમણે વધુમાં કહ્યું હતું કે, પૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી આ ગુરુકુળ ખૂબ જ પ્રગતિ કરી રહ્યું છે. પ્રગતિ જળવાઈ રહે એટલે વિશેષ ને વિશેષ આ સંસ્થામાં યથાશક્તિ સહયોગ આપતા રહેજો. ત્યારબાદ સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તેમજ ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ગુરુકુળમાં પ્રાચીન તેમજ આધુનિક વિદ્યાભ્યાસનો સમન્વય કરીને માતૃભાષા ગુજરાતી, રાષ્ટ્રભાષા હિન્દી તેમજ અંગ્રેજીમાં ભણાવવામાં આવે છે. સમય સાથે તાલ મિલાવતા કોમ્પ્યુટર તેમજ સંગીતનું પણ પ્રશિક્ષણ અપાય છે. ગુરુકુળમાં ભણેલ વિદ્યાર્થી ક્યારેય નિરાશ થતો નથી. કેમ કે, તેનો માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં પરંતુ રમત-ગમત, સંગીત, નૃત્ય, સત્સંગ દ્વારા સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. ત્યારબાદ એક પૂર્વ વિદ્યાર્થીએ પોતાનો ગુરુકુળમાં અભ્યાસ કાળનો અનુભવ ભાવભેર વર્ણવ્યો હતો.

બીજા સત્રની શુભ શરૂઆત ગુરુકુળના

વિદ્યાર્થીઓએ નૃત્યગીત દ્વારા કરી હતી. ત્યારબાદ કથાનો શુભારંભ થયો હતો. બાદમાં સંમેલનમાં પધારેલ તમામ દાતાશ્રીઓનું સન્માન મહંત સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. રાત્રિના સત્રમાં તમામ પૂર્વ વિદ્યાર્થીઓને મુમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. રાત્રિના સમયે પુરાણી સ્વામી સાંતસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી તેમજ પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ તૈયાર કરેલ વિવિધ પ્રકારની રમતો રમીને સૌએ આનંદનો અનુભવ કર્યો હતો. દેશના ખૂણે ખૂણેથી આવેલ ૫૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવોની પરસ્પર આપ-લે કરીને જૂની સ્મૃતિઓને તાજી કરી હતી.

સંમેલનના બીજા દિવસના પ્રથમ સત્રની શરૂઆત વિદ્યાલયના નાના-નાના વિદ્યાર્થીઓએ નૃત્યગીત દ્વારા કરી હતી. ત્યારબાદ પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ કથાના માધ્યમથી વિદ્યાર્થીઓને જીવનમાં હંમેશાં હિંમત રાખવાની શીખ આપી હતી. આ પ્રસંગે કેટલાક વિદ્યાર્થીઓએ સ્ટેજ ઉપરથી પોતાના અનુભવો સંભળાવ્યા હતા. ભુજથી પધારેલ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, આ સંતો તો 'યોગી' છે પરંતુ તમે તો સૌ દેશ, સમાજ, સત્સંગ અને આ તમારી વિદ્યાસંસ્થા ગાંધીધામ ગુરુકુળ માટે 'ઉપયોગી' છો. તેથી આ ગુરુકુળની યથાશક્તિ શારીરિક, બૌદ્ધિક તેમજ આર્થિક સહાય કરવા સદાય તત્પર રહેજો.

આ તકે ગુરુકુળના પ્રમુખ સંચાલક પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી તેમજ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ પોતાના વક્તવ્યમાં ઉપસ્થિત પૂર્વ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓને શીખ આપતા કહ્યું હતું કે, ગુરુકુળમાં મેળવેલ સંસ્કારને ભૂલી ન જતા. ત્યારબાદ ગુરુકુળની સ્થાપનાથી અત્યાર સુધી જેઓ ટ્રસ્ટી પદે રહીને સતત ગુરુકુળની નિઃસ્વાર્થભાવે સેવા કરતા આવ્યા છે તેવા તમામ ટ્રસ્ટીઓનું વડીલ સંતોના હસ્તે સન્માન કરાયું હતું. જેમાં ચાર વડીલ ટ્રસ્ટીઓ શ્રી લાલજીભાઇ કેરાઇ, શ્રી કરશનભાઇ મનજી હિરાણી, શ્રી નવીનભાઇ નરશીભાઇ પીનારા તેમજ શ્રી પ્રેમજીભાઇ તુલસીદાસ ઠક્કરને મહંત સ્વામીના આશીર્વચન સાથે ખાસ મુમેન્ટો આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

વિદ્યાલયના પ્રિન્સિપાલ સજીમોને વિદ્યાલયની પ્રવૃત્તિનો અહેવાલ રજુ કરતાં જણાવ્યું હતું કે, ગુરુકુળ તથા વિદ્યાલય અત્યાધુનિક સુવિધાઓથી સંપન્ન છે. સંચાલકો તેમજ શિક્ષકગણનો સતત એવો પ્રયાસ રહ્યો છે કે, આ વિદ્યાલયમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોઇ નૂતન સુવિધાના અભાવે અન્ય શાળાના વિદ્યાર્થીઓથી પાછો ન રહી જાય. તેથી વિદ્યાલયને સતત આધુનિક સાધનનોથી સમૃદ્ધ બનાવવામાં આવે છે. ત્યાર પછી ગુરુકુળના તમામ પૂર્વ તેમજ વર્તમાન શિક્ષકગણનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પધારેલ તમામ વિદ્યાર્થીઓ તેમજ મહેમાનોને ગુરુકુળમાં રહેવાની તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીધામના સ્થાનિક સત્સંગીઓએ ખૂબજ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુરાણી સ્વામી દેવચરણદાસજી તથા સ્વામી સંતજીવનદાસજીએ કર્યું હતું.

## ગુરુકુળના નૂતન કાર્યાલયનું ઉદ્‌ઘાટન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ -વિદ્યાલય ગાંધીધામની સ્થાપનાના ૧૫ વર્ષની સફરમાં અનેકવિધ પ્રવૃત્તિ થતી રહી છે. વિદ્યાલયનું સતત ઉંચું પરિણામ આવતું રહ્યું હોવાને કારણે અહીં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેથી કાર્યાલયનું કાર્યક્ષેત્ર પણ વિસ્તરતો રહ્યો છે. જેથી વર્ષો પહેલાં બનેલું કાર્યાલય નાનું પડતું હોવાને કારણે મોટું કરવાની જરૂરિઆત જણાતા આ વર્ષે કાર્યાલયને નવો ઓપ આપીને અત્યાધુનિક નૂતન સુવિધા સાથે નવ નિર્માણ કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન આ પૂર્વ વિદ્યાર્થીઓના સત્સંગ સ્નેહ સંમેલન પ્રસંગે સંતો સાથે દાતાશ્રીઓદ સર્વશ્રી પ.ભ. રામજીભાઇ કાનજી હિરાણી

આદિ પરિવાર- ભારાસર, પ.ભ. દેવશીભાઈ જેઠાભાઈ હીરાણી - નાઈરોબી (કેન્યા), પ.ભ. પરબતભાઈ શિવજી કેરાઈ ગામ નારણપર - ઓલ્ડહામ (યુ.કે.), પ.ભ. હરિભાઈ રતાભાઈ રાવરીયા - મુંબઈ, પ.ભ. નિતેશભાઈ શાંતિલાલ ચૌધરી-મુંબઈ, પ.ભ. લક્ષ્મણભાઈ પ્રેમજી વેકરીયા -રામપર (વેકરા), પ.ભ. પ્રેમજીભાઈ કાનજી ભુડીયા- માનકુવા (મેલર્બન), પ.ભ. દેવજીભાઈ કાનજી વેકરીયા-(સીડની-ઓસ્ટ્રલીયા), પ.ભ. રામજીભાઈ દેવજી વેકરીયા-એલ્ડોરેટ, પ.ભ. માતૃશ્રી કોરબેન પૂજાભાઈ નીસર પુત્રવધુ સાવિત્રીબેન ઘનશ્યામભાઈ નીસર સહ પરિવાર મુંબઈ તેમજ પ.ભ. કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા - લંડન વગેરે દાતાશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજી,
સ્વામી સંતજીવન દાસજી -ગાંધીધામ

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર

ભુજની અન્ડર-૧૭ અને એન્ડર-૧૯ બીચ વોલીબોલ ટીમની ખેલ મહાકુંભમાં જીલ્લા કક્ષાએ શાનદાર જીત

ખેલ મહાકુંભ દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જીલ્લાની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની શાળાની વિદ્યાર્થીનીઓ બીચ વોલીબોલ રમતમાં અન્ડર-૧૭ અને અન્ડર-૧૯માં જીલ્લમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યા બાદ રાજ્ય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરવા તેમજ શાળાનું ગૌરવ વધારવા આગે કૂચ કરશે.

જેમાં એન્ડર-૧૭માં મેપાણી પલ્લવી નારણભાઈ અને કેરાઈ ઉર્વશી મેઘજીભાઈ, અન્ડર-૧૯માં કેરાઈ દિવ્યા શામજીભાઈ અને માતા શાંતી રૂપાભાઈએ ભાગ લીધો લીધો હતો.

યુવા રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવિત્તિમાં કચ્છ જીલ્લાની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ એથ્લેટિક્સમાં રાજ્યકક્ષાએ સુવર્ણચંદ્રકો, રજતચંદ્રકો તેમજ કાંસ્યચંદ્રકો મેળવીને શાળા તેમજ કચ્છ જીલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

જેમાં વેકરીયા પૂનમ કલ્યાણભાઈ - ગોળાફેંક(પ્રથમ), વેકરીયા ધનલક્ષ્મી ધનજીભાઈ - વિઘ્નદોડ(પ્રથમ), હાલાઈ પ્રેમીલા રામજીભાઈ - જલદચાલ(પ્રથમ), પિંડોરીયા રશ્મિ કાંતીલાલ - વિઘ્નદોડ(દ્વિતીય), ગોરસીયા ક્રિષ્ના હીરજીભાઈ - જલદચાલ(દ્વિતીય), પિંડોરીયા ગીતા કલ્યાણભાઈ - રીલેદોડ(દ્વિતીય), વેકરીયા ડિમ્પલ રવજીભાઈ - રીલેદોડ(દ્વિતીય), વરસાણી નનીતા હરજીભાઈ - રીલેદોડ(દ્વિતીય), હીરાણી નીશા કલ્યાણભાઈ - રીલેદોડ(દ્વિતીય), મેપાણી મનીષા મનજીભાઈ - ઊંચીકૂદ(દ્વિતીય), પટેલ સૃષ્ટિ જયંતીભાઈ - બચ્છીફેંક(દ્વિતીય), ભુડીયા લલીતા રામજીભાઈ - ઊંચીકૂદ(તૃતીય), કેરાઈ હસ્મિતા મનજીભાઈ - ૧૫૦૦મી દોડ(તૃતીય), વરસાણી પ્રીતી રવજીભાઈ - ૩૦૦૦મી દોડ(તૃતીય).

શાળાની વિદ્યાર્થીનીઓએ મેળવેલી આ સિધ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સંતવૃંદે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના ટ્રસ્ટી મંડળના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા તથા મંત્રીશ્રી પ્રવીણભાઈ પિંડોરીયા તેમજ શાળાના આચાર્યશ્રી દક્ષાબેન પિંડોરીયા અને સ્ટાફગણે વિદ્યાર્થીનીઓ રમત ગમત ક્ષેત્રે આવી સોનેરી સિધ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા

## દશાબ્દી પાટોત્સવ – શ્રી નરનારાયણનગર, સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણ નગર સુખપરમાં દશાબ્દી પાટોત્સવ નિમિત્તે ચોકમાં તા. ૧૨-૧૧-૧૪ થી તા. ૧૪-૧૧-૧૪ના રાત્રે કથા પારાયણ મુક્તાનંદ કાવ્ય અંતર્ગત કૃષ્ણપ્રસાદ ગ્રંથની કથા યોજવામાં આવેલ હતી. કથાના યજમાન પ.ભ. મનજી મુળજી ભુડીયા નરનારાયણનગર વાળા રહ્યા હતા. તા. ૧૫-૧૧-૧૪ના પાટોત્સવ યોજવામાં આવેલ. વક્તા પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તેમજ પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સુંદર શૈલીમાં કથાનું રસપાન કરાવેલ હતું. આ પ્રસંગે નરનારાયણ નગર, સુખપર ગામના હરિભક્તો ભાઈ-બહેનો તથા સાં.યો. બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ. આ પ્રસંગે વડીલ સંતોમાં સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી જગતપાવનદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો હાજર રહેલ. તા. ૧૫-૧૧-૧૪ના આ દશાબ્દી પાટોત્સવ પ્રસંગે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક અને અન્નકૂટ ધરાવવામાં આવેલ હતો. આ પ્રસંગે પધારેલ સર્વે હરિભક્તોને પ્રસાદ આપવામાં આવેલ હતો.

અહેવાલ :- ધનજી માવજી ભુવા

## ઈ.સ. ૨૦૧૫ વર્ષનું ગણિત કેલેન્ડર

ઈ.સ. ૨૦૧૫ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના વર્ષમાં કોઈપણ મહિનાની અમુક તારીખે કયો વાર આવે છે, તે જાણવું હોય તો આ કેલેન્ડર ઉપરથી જાણી શકાશે.

આંહી નીચે બતાવેલ મહિનાના આંક સંખ્યાની સાથે તમે નક્કી કરેલ તારીખના આંકને ઉમેરો કર્યા પછી આવેલા જવાબને સાત(૭)થી ભાગો. પછી જે શેષ આવે તે ઉપરથી કયો વાર તમે નક્કી કરેલ તારીખે આવે છે તે મળી શકશે.

જાન્યુઆરી(૩), ફેબ્રુઆરી(૧૩), માર્ચ(૬), એપ્રિલ(૯), મે(૪), જુન(૭), જુલાઈ(૨), ઓગસ્ટ(૫), સપ્ટેમ્બર(૧), ઓક્ટોબર(૧૦), નવેમ્બર(૬), ડિસેમ્બર(૮).

ભાગાકારમાં જો શેષ(૧) આવે તો સોમવાર સમજવો. (૨) આવે તો મંગળવાર, (૩) આવે તો બુધવાર સમજવો વગેરે અને જો (૦) આવે તો રવિવાર સમજવો.

સમજ :-જાન્યુઆરીની ૧૫મી તારીખે કયો વાર હશે ? એ જાણવું છે તો તા. ૧૫ + ૩ = ૧૮. ભાગ્યા ૭ શેષ વધ્યા (૪) તેથી ગુરુવાર આવશે.

એપ્રીલ મહિનાની ૧૨મી તારીખે કયો વાર હશે ? તા. ૧૨ + ૯ = ૨૧. ભાગ્યા ૭ શેષ ૦ માટે રવિવાર.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, ભુજ

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# ગાંધીધામ ગુરુકુલમાં સત્સંગ સ્નેહ સંમેલનનું

## અનોખા આયોજનની તસ્વીરી ઝલક

















કચ્છ જિલ્લાની ૬૫ ફુટબોલ ટીમમાંથી ચેમ્પીયન
૧-૩ થી વિજય-ગાંધીધામ ગુરૂકુલ

# અક્ષરભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ – ભુજ











# અક્ષરભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ – ભુજ














## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (કેન્યા)માં મંદિરનો

# ષષ્ઠીપૂતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો














ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર

## નારાયણ યજ્ઞ

ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**

**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે**

**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.

સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

## કથા સ્થળ

### શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.

# એકાદશ શિબિરમાં દેશ-વિદેશથી આવેલા યુવાનોએ હોંશભેર ભાગ લીધો

મીરજાપર ખાતે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ દ્વારા તા. ૨૭/૧૦/૧૪ થી તા. ૧/૧૧/૧૪ સુધી શ્રી સ્વામિનારાયણ સત્સંગ એકાદશ શિબિરનું આયોજન કરાયું હતું, જેમાં માત્ર કચ્છ, ગુજરાત કે ભારતમાંથી જ નહીં પરંતુ વિશ્વના શિશલ્સ, ઓસ્ટ્રેલિયા, યુગાન્ડા, કેન્યા, યુ.કે. જેવા દેશોમાં આર્થિક ઉપાર્જન અર્થે સ્થાયી થયેલા અંદાજે ૧૩૫૦ જેટલા યુવાનોએ હોંસભેર ભાગ લીધો હતો. જેમને રોજેરોજ સવાર-સાંજના સત્રમાં શ્રી નરનારાયણ દેવની નિષ્ઠાને વરેલા ૫૦ બ્રહ્મનિષ્ઠ સંતોએ સત્સંગના બળે વિવિધ ક્ષેત્રે પ્રગતિના સોપાનો સર કરવા માનસિક રીતે સુસજ્જ કર્યા હતા. જેથી માત્ર વ્યક્તિગત જ નહીં પરંતુ સમગ્ર સમાજના કલ્યાણ હેતુ પરિણામલક્ષી નક્કર કાર્ય ગતિ પકડી શકે.

તા. ૨૭/૧૦ના જ દેશ-વિદેશમાંથી સર્વે શિબિરાર્થી યુવાનો આવી ગયા હતા. જેઓ તા. ૨૮/૧૧ના વહેલી સવારે પાંચ વાગે ઉઠી છ વાગે તો શિસ્તબદ્ધ રીતે પરંપરાગત પૂજાના વસ્ત્રો ધોતી, શાલ વગેરે પહેરી પ્રાતઃપૂજામાં જોડાઈ ગયા હતા. જેમને શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પૂજાપાઠ કરાવ્યા હતા. બાદમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ફોન દ્વારા નવા વર્ષની શુભકામના સાથે આશીર્વચન પાઠવ્યા હતા. મંચસ્થ મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, શ્રીહરિદાસજી સ્વામી, દેવકૃષ્ણદાસજી સ્વામી આદિ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીએ કહ્યું હતું કે, સંતોએ શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર સત્સંગ ઝુંબેશને વેગ આપવા આ શિબિરનું આયોજન કર્યું છે. જેથી તેમના વચને આ ભગીરથ કલ્યાણકારી કાર્યમાં જોડાઈ જજો. બાદમાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. બાલકૃષ્ણદાસજી સ્વામી, કોઠારી સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ સંતોએ આફ્રિકાથી આવેલા શિબિરાર્થીઓ શુભાર્શીવાદ સહ જય શ્રી સ્વામિનારાયણ પાઠવ્યા હતા. અંતે પાર્ષદ ખીમજી ભગતે શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરાવ્યું હતું.

બીજા દિવસે પ્રથમ સત્રમાં પ્રસાદી મંદિરેથી પધારેલા સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીએ શિબિરાર્થીઓને આશીર્વચન આપતા કહ્યું હતું કે, શિક્ષક તમને શિક્ષિત કરે છે પરંતુ સંતો જ્ઞાની બનાવે છે. જીવનની સાર્થકતા સત્સંગથી જ સિદ્ધ થાય છે. બીજા સત્રમાં સ.ગુ. નિરન્નમુક્તદાસજી સ્વામી તથા માંડવી મંદિરેથી કોઠારી સ્વામી પુરાણી શ્રીપ્રકાશદાસજી સ્વામીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, શિબિરો તો આપણને સુખી કરવા માટે છે. પુરાણી સ્વામી હરિમુકુન્દદાસજીએ જણાવ્યું હતું કે, હમણાં સફાઈ અભિયાન ચાલે છે. સારી વાત છે પરંતુ તેની શરૂઆત આપણા હૃદયથી થવી જોઈએ.

ત્રીજા દિવસે પ્રથમ સત્રમાં ભુજ મંદિરેથી કોઠારી પાર્ષદ જાદવજી ભગત, દેવકૃષ્ણદાસજી સ્વામી, સ્વયંપ્રકાશદાસજી સ્વામી, ઈશ્વરસ્વરૂપદાસજી સ્વામી, કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી પધાર્યા હતા. આ તકે કોઠારી પાર્ષદ જાદવજી ભગતે  કહ્યું હતું કે, સંતોનો યોગ મળવો બહુ મોટી વાત છે. જે આજે સદ્‌ભાગ્યે થયો છે. જીવનમાં ભગવાનની બીક રાખજો. શ્રીજી મહારાજ આપ સૌને સુખી કરશે. બીજા સત્રમાં શાસ્ત્રી શુકમુનિદાસજી સ્વામીએ કહ્યું હતું કે, આત્મ કલ્યાણનો માર્ગ સત્સંગ જ છે. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ માનસિકતા બદલવા પર ભાર મૂકતા કહ્યું હતું કે, સંતો પાસે નિખાલસ રહેશું તો સાચા સત્સંગનો સુખ મળશે.

ચોથા દિવસે દેવકૃષ્ણદાસજી સ્વામી પધાર્યા હતા. દ્વિતીય સત્રમાં ઈશ્વરસ્વરૂપદાસજી સ્વામી, ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી, અંજારથી

લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી, વિશ્વવલ્લભદાસજી સ્વામી, શાંતિપ્રિયદાસજી સ્વામી, પધાર્યા હતા. જેમણે પુસ્તકનું મહત્ત્વ સમજાવી દેવની નિષ્ઠામાં રહેવા શીખ આપી હતી. આ પ્રસંગે ઘર સત્સંગ સભા પુસ્તકનું વિતરણ કરાયું હતું. શિબિરની રિંગટોન શાસ્ત્રી ગોલોકવિહારીદાસજી સ્વામી, ભક્તવત્સલદાસજી સ્વામી અને ધ્યાનસ્વરૂપદાસજી સ્વામીના સ્વરમાં લોન્ચ કરાઈ હતી.

પાંચમા દિવસે શાસ્ત્રી લક્ષ્મણપ્રકાશદાસજીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, શિબિર તો જીવનમાં શાંતિ સાથે પ્રગતિ સાધવાનો વર્કશોપ છે. જે સંતોના પ્રયત્નોને આભારી છે. શ્રીજી મહારાજ, સંતો અને ભક્તોના અતૂટ સંબંધોની સાંકળથી જ જીવનમાં દરેક ક્ષેત્રે સફળતા સહજ સરળ બનશે. જેથી સત્સંગની સાંકળ તૂટે નહીં તે જોજો.

શિબિરની પૂર્ણાહુતિ સમયે મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીએ શ્રી નરનારાયણ દેવના શરણમાં રહેવા શીખ આપી હતી. શ્યામકૃષ્ણદાસજી સ્વામીએ કહ્યું હતું કે, મહારાજ માટે, સત્સંગ માટે શું કર્યું તેનો વિચાર રાખી કામ કરજો. પ્રેમવલ્લભદાસજી સ્વામીએ કહ્યું હતું કે, શ્રીજી મહારાજ અને સંતોના વચનમાં વિશ્વાસ રાખજો, કદી પાછા નહીં પડો. મુકતવલ્લભદાસજી સ્વામીએ કહ્યું હતું કે, સમભાવ રાખજો. શાસ્ત્રી અક્ષરપ્રિયદાસજી સ્વામીએ કચ્છ શ્રી નરનારાયણ યુવક મંડળની અગત્યતા અને તેમના માધ્યમથી શિબિરની સફળતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શિબિરને યાદગાર બનાવવા આ શિબિરમાંથી મેળવેલું કંઈક જીવનમાં ઉતારવા શીખ આપી હતી.

આ શિબિરનું આયોજન દરરોજ બે સત્રમાં કરાયું હતું. જેમાં વ્યાસસ્વરૂપદાસજી સ્વામી, પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, પુરાણી ઘનશ્યામજીવનદાસજી સ્વામી, પુરાણી ઈશ્વરસ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી, નૌત્તમમુનિદાસજી સ્વામી, પુરાણી શ્રીહરિદાસજી સ્વામી, ગોલોકવિહારીદાસજી સ્વામી, ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પતિતપાવનદાસજી સ્વામી, પરમહંસદાસજી સ્વામી, પુરાણી સુખનંદનદાસજી સ્વામીએ વચનામૃતના પઠન બાદ કથા-વાર્તાનું સરળ શૈલીમાં રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભકતવત્સલદાસજી સ્વામી, શાસ્ત્રી સંતસ્વરૂપદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, દેવચરણદાસજી સ્વામીએ હું કોણ ?, આપણા બાળકોને ઓળખીએ, સ્વદર્શનમ્ (પોતે પોતાને જુઓ) અને માનવ સંપત્તિ જેવા વિષયો પર પ્રેઝન્ટેશન દ્વારા સચોટ અને ચિંતનાત્મક રજુઆતો કરી હતી. જે દાદ માગી લે તેવી હતી. પ્રેઝન્ટેશન બાદ યુવાનો ૧૦-૧૦ના ગ્રૂપમાં વિભાજીત થઈ મનોમંથન કરતા હતા. જે પણ શિબિરની સફળતાની નિશાની હતી. શાસ્ત્રી સંતસ્વરૂપદાસજી સ્વામી દ્વારા કોન બનેગા પંડીત કાર્યક્રમમાં પ્રશ્નોત્તરીથી શિબિરાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરાઈ હતી તો આપણા બાળકોને ઓળખીએ કાર્યક્રમમાં બૌદ્ધિક ચર્ચાથી સૌને વિચારતા કરી દીધા હતા.

શિબિરમાં દરરોજ સમૂહ પ્રાતઃપૂજા, પૂજા બાદ આરતી, ધૂન, વચનામૃત વાચન, કથા-વાર્તા, અલ્પાહાર, યુવક મંડળ દ્વારા સ્વાગત ધૂન, કોડકી ગામના યુવાનોની વાજિંત્ર મંડળી દ્વારા આવકાર, સ્વાગત સમિતિનો મસાલ વૃંદ, ભજન મંડળીના સંતો દ્વારા સંગીતના સથવારે કિર્તન, માનસિ પૂજા, ગ્રૂપ ચર્ચા, રાત્રે રમત-ગમત સાથે જ્ઞાન, રાત્રે સંત સમાગમ, સમૂહ ભોજન વગેરે કાર્યક્રમોમાં ભાગ લેતા લેતા શિબિરની પૂર્ણાહુતિનો દિવસ ક્યારે નજીક આવી ગયો તેની ખબર પણ ન પડી. એકેય શિબરાર્થીની જ્ઞાન-પિપાષા સંતોષાતી નહોતી, દરેક યુવાનો વિચારતા હતા કે, હજુ થોડા વધુ દિવસ શિબિર ચાલે તો કેવું સારું. પરંતુ, અંતે છૂટા પડવાનો સમય આવતા સૌએ એકબીજાને શુભેચ્છાઓ આપીને સૌ પોતાના ગંતવ્ય સ્થાને પ્રયાણ કરી ગયા.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ

**તુલસી વિવાહ અને ઠાકરથાળી :-**

ગુરુવાર તા. ૬-૧૧-૨૦૧૪ના તુલસીબાઈ અને લાલજીમહારાજનો મંડપ રોપણ કરેલ.

શનિવાર તા. ૮-૧૧-૨૦૧૪ના રોજે ઠાકરથીળી ઉત્સવ ગામ કેરાના હિતેશભાઈ પરબત ભુડીયા સહપરિવાર તરફથી તુલસી વિવાહ નિમિત્તે રાખેલ હતી. ગામ બળદીયાના પ્રેમ અને દેવ કલ્યાણ રાબડીયા તરફથી ઓલ્ડહામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકરથાળી ઉત્સવ રાખેલ. જેમાં સર્વે હરિભક્તોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. ત્યારબાદ પ્રસાદરૂપ ભોજન પણ રાખેલ હતું.

**તુલસીબાઈ અને લાલજી મહારાજના લગ્ન :-**

રવિવાર તા. ૯-૧૧-૨૦૧૪ના લગ્ન વિધિ લાલજી મહારાજના પક્ષે ગામ બળદિયાના કાનજીભાઈ સામજી રાબડીયા સહપરિવાર રહ્યા હતા. અને તુલસીબાઈના પક્ષે ગામ કેરાના હિતેશભાઈ પરબત ભુડીયા અને સહપરિવાર રહ્યા હતા. લગ્ન વિધિ બાદ સહુ હરિભક્તો અને મહેમાનોને માટે બન્ને યજમાન તરફથી પ્રસાદરૂપ ભોજન રાખેલ હતું.

અહેવાલ :- નારણભાઈ કારા

## કેન્ટન હેરોમાં દીપાવલિના તહેવારો ઉજવાયા

કેન્ટન હેરો કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ્રકાશ પર્વ દીપાવલિના તહેવારોની ભારે ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમાં રાસોત્સવ, ચોપડા પૂજન અને અન્નકૂટ જેવા પરંપરાગત ધાર્મિક કાર્યક્રમોમાં હરિભક્તો ઉત્સાહભેર ઉમટી પડ્યા હતા.

પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજી માયાણી, મંત્રીશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ અને ખજાનચી ધનજીભાઈ કરસન વરસાણીએ વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે, કાળી ચૌદશના સાંજે રાસોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમાં ભક્તિભાવથી હરિભક્તો ઝૂમ્યા હતા. ત્યારબાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ શ્રી હનુમાનજીને શ્રીફળ તેમજ લાડુ ધરાવીને પ્રસન્ન કર્યા હતા. શ્રી હનુમાનજીનું પૂજન તથા આરતી ગામ રામપરના પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ તથા ધ.પ. અ.સૌ. કુંવરબાઈ મનજી કેરાઈ પરિવારના યજમાનપદે કરાઈ હતી. દિવાળીના દિવસે મંદિરના પુજારી દિનેશ મહારાજે ચોપડા પૂજન કરાવેલ. જેનો લાભ વિશાળ સંખ્યામાં ઉમટેલા હરિભક્તોએ લીધો હતો.

નૂતન વર્ષારંભે યુવક મંડળના સભ્યોએ મંદિરને સુંદર રીતે શણગારેલ. સવારે ૧૧ વાગે અન્નકૂટ મહાઆરતી ઉતારવામાં આવેલ. જેના દર્શનનો લાભ લેવા વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા. ત્યારબાદ દર એક કલાકે આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી કાનજીભાઈએ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ પત્ર વાંચી સંભળાવેલ. ત્યારબાદ પ.પૂ. મહંત પુરાણી સ્વામી

ધર્મનંદનદાસજીના આશીર્વચન વાંચી સંભળાવેલ. પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજી માયાણીએ ઉપસ્થિત ૨૦ હજાર હરિભક્તોને નૂતન વર્ષાભિનંદન પાઠવેલ. આ પ્રસંગે દહીંસરાના પ.ભ. મહેશભાઈ ભંડેરી, ધ.પ. નીતિક્ષા મહેશભાઈ ભંડેરી, સરલીના પ.ભ. જીતેશભાઈ શીવજી રાબડીયા, ધ.પ. રૂપમ જીતેશ રાબડીયા, સુખપરના પ.ભ. રીકેશભાઈ વાલજી હિરાણી ધ.પ. જાષિકા રીકેશ હિરાણી, નારણપરના નારણભાઈ વેલજી ભુડીયા ધ.પ. પ્રેમીલાબેન સુત મયુરભઈ સહપરિવાર અન્નકૂટ થાળના યજમાન રહ્યા હતા. દુધની સેવા કેનફોર્ડ બિલ્ડર્સ લી.ના માવજીભાઈ ધનજી વેકરીયાએ આપી હતી. શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા દહીંસરાના પ.ભ. શીવજીભાઈ રામજી પિંડોરીયાએ ભેટ આપ્યા હતા.

અહેવાલ :- મંત્રીશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ

## શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર – નૈરોબી વાર્ષિક સભા

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા શનિવાર તા. ૪-૧૦-૨૦૧૪ના રોજ સાંજના મંદિરના ડાઈનિંગ હોલમાં બોલાવવામાં આવેલ હતી.

અધ્યક્ષશ્રી પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી આદેશ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રીશ્રી એ ગત વાર્ષિક સભાની નોંધનું વાંચન કરેલ અને સને ૨૦૧૩/૨૦૧૪નો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ. ત્યારબાદ ખજાનચીશ્રી મનજીભાઈ કાનજીભાઈ રાઘવાણીએ ૨૦૧૩નો વાર્ષિક આવકજાવક હિસાબ સભા સમક્ષ વાંચી સભળાવેલ હતો.

ત્યારબાદ વિદાય લેતી સમિતિએ કરેલ મંદિરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી તન, ધન અને ધનથી કરવામાં આવેલ સેવા બદલ અધ્યક્ષશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને જૂની સમિતિને બરખાસ્ત કરી અને સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષે માટે નવી કારોબારી સમિતીની રચના સર્વે હરિભક્તોની ઈચ્છાનુસાર સર્વાનુંમતે કરવામાં આવેલ.

આ ઉપરોક્ત વાર્ષિક જાહેર સભામાં નિમાયેલ કમિટીમાં ચેરમેન લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી, બળદિયા, વાઈસ ચેરમેન મનજીભાઈ કાનજી રાઘવણી, બળદિયા, સેક્રેટરી ભીખાલાલ વેલજી ગોરસીયા, સુખપર, સહસેક્રેટરી હિરજીભાઈ વેલજી આસાણી, વેકરા, સહસેક્રેટરી મનોજ કરસન આસાણી, વેકરા, ખજાનચી વિશ્રામભાઈ નાથા ભંડેરી, વેકરા, સહખજાનચી દિનેશ ધનજી વરસાણી, સામત્રા, સહખજાનચી અરવિંદભાઈ નારણ ભુડીયા, સુખપર, કોઠારી વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા, કોડકી, સહકોઠારી કાન્તી માવજી રાબડીયા, માંડવી, સહકોઠારી હિરજીભાઈ મનજી કારા, માંડવી, ઓડિટર લાલજી દેવશી ગરારા, બળદિયા, સભ્યો હિરજીભાઈ વીરજી વરસાણી, વેકરા, પરબત પ્રેમજી રાજાણી, રામપર, જયક્રિષ્નભાઈ પિઠાડીયા - નૈરોબી, કાન્તિલાલ નારણ કેરાઈ, બળદિયા, હરિશ વ્રજલાલ સોની, નૈરોબી, કુરજી જાદવા છભાડીયા - માંડવી, જેઠાલાલ વાઘજી વરસાણી, સામત્રા, નારણ દેવજી કેરાઈ - રામપર, ખીમજી પરબત રાજાણી, રામપર, ભીમજી લક્ષ્મણ રાઘવાણી, બળદીયા, કાનજી નારણ રાઘવાણી - બળદીયા.

અહેવાલ :- મંત્રીશ્રી ભીખાલાલ વેલજી ગોરસીયા

## મેલબોર્નમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે ઉજવાયા દિપ્રોત્સવ અને તુલસી વિવાહ

મેલબોર્નમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે દિપોત્સવ અને તુલસી વિવાહની ઉજવણી કરાઈ હતી. જેમાં તા. ૨૧/૧૦/૧૪થી તા. ૨૪/૧૦ સુધી ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી અને નૂતન વર્ષારંભ પરંપરાગત રીતે મનાવાયા હતા તો તા. ૩ અને ૪/૧૧/૧૪ના તુલસી વિવાહ ભાવભેર ઉજવાયો હતો.

મેલબોર્નથી મંત્રી શ્રી અરવિંદભાઈ હિરાણીએ જણાવ્યું હતું કે, તા. ૨૧/૧૦ અને તા. ૨૨/૧૦ના અનુક્રમે ધનતેરસના ધનવંતરી ભગવાન અને કાળી ચૌદસના કષ્ટભંજન હનુમાનજીનું પૂજન-આરતી કરાયા હતા. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા. તા. ૨૩/૧૦ના દિવાળી હોઈ સરસ્વતી પૂજન, લક્ષ્મીપૂજન અને ચોપડા પૂજન કરવામાં આવ્યું હતું. ભૂદેવ યજ્ઞેશ મહારાજે ધાર્મિકવિધિ સંપન્ન કરાવ્યા હતા. મંદિરના પરિસરમાં રંગોળી આકારે દિવડાઓ ગોઠવી પ્રગટાવાયા હતા. તા. ૨૪/૧૦ના નૂતન વર્ષારંભ હોઈ ઠાકોરજીને ૫૬ ભોગનો થાળ ધરાવાયો હતો. આ અન્નકૂટની ઉજવણીની તૈયારી ૧૫ દિવસ પહેલાથી કરાઈ હતી. જેમાં ભાઈઓ અને બહેનોએ દિવસ-રાત જોયા વિના સેવા આપી હતી. સાંજે ચાર વાગે ઠાકોરજી પાસે અન્નકૂટ ધરાવાયો હતો જેના દર્શનનો લાભ વિશાળ સંખ્યામાં ઉમટેલા હરિભક્તોએ લીધો હતો. સૌ હરિભક્તોએ એકસાથે સમૂહઆરતી ઉતારવાનો લાભ લીધો હતો.

તા. ૩/૧૧ના તુલસી વિવાહની ઉજવણી રૂપે સવારે માંડવો અને સાંજે ફૂલેકુ તથા દાંડિયારાસનો કાર્યક્રમ રખાયો હતો. તા. ૪/૧૧ તુલસીબાઈ અને ઠાકોરજીના લગ્ન લેવાયા હતા. જેમાં લગ્નગીતો ગાઈ હરિભક્તો જૂમ્યા હતા. આ પ્રસંગે તુલસીબાઈના માતા-પિતા પ.ભ. શ્રી હરીશભાઈ હિરાણીએ અને ઠાકોરજીના માતા-પિતા પ.ભ. શ્રી હરજીભાઈ કેરાઈએ લઈ ધન્યતા અનુભવી હતી.

## સ્ટેનમોર મંદિરે તુલસી વિવાહ

સ્ટેનમોર શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૫-૧૧-૧૪ થી તા. ૬-૧૧-૧૪ સુધી તુલસી વિવાહની ભાવભેર ઉજવણી કરાઈ હતી. જેમાં તા. ૪-૧૧ના સાંજે ૭:૩૦ વાગ્યે ભગવાન શ્રી વિષ્ણુના માંડવારોપણ મંદિરના યુવક તથા યુવતી મંડળ અને તુલસી માતાજીના મંડપારોપણ અ.નિ. વેલજીભાઈ રામજી મેપાણી તથા ગં.સ્વ. માનબાઈ વેલજી યજમાન પદે રહ્યા હતા. તા. ૬-૧૧ના સાંજે ૭:૩૦ વાગ્યે ઠાકોરજીની જાન લઈ મંદિરમાંથી શ્રીહરિ હોલમાં પધારેલ. જયાં બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી સપ્તપદી, કન્યાદાન અને કન્યા વિદાયની વિધી કરાઈ હતી. સમગ્ર પ્રસંગ લગ્નગીતોથી ગૂંજી ઉઠ્યો હતો.

અહેવાલ :- જાદુભાઈ હિરાણી

અ.નિ. નિવાસી પ.પૂ. ગુલાબશંકર મહારાજને ભાવાંજલિ

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર ભુજના સ્થાપક, અધ્યક્ષ અને શ્રી સ્વામિનારાયમ મંદિર ભુજના કર્મકાંડી ગોર મહારાજની મહત્ત્વની જવાબદારી આશરે ચાર દાયકાથી વધુ સમય સમગ્ર પટેલ ચોવીસી અને દેશ વિદેશમાં વસતા સત્સંગીઓ સુધી પોતાના મધુર કંઠથી સરળ અને ભાવવાહી શૈલીમાં ભાગવત કથાનું રસપાન અનોખી છાપ છોડનાર સરળ અને હસમુખા સ્વભાવના જ્યોતિષવિદ શ્રી ગુલાબશંકર મહારાજનો અક્ષરવાસ થતાં શ્રધ્ધાંજલિસભા શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા, સુખપર તા. ભુજ મધ્યે ભુજ મંદિરના સંતો અને ચોવીસીના ભાઈ-બહેનો ભૂદેવો અને સાંખ્યોયોગી બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. એમાં ભુજ મંદિરના સંતો પૈકી સ્વામી કેશવપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મણજીવનદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી અને વડીલશ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી - બળદિયાએ શ્રધ્ધાસુમન અર્પણ કરતાં જણાવ્યું કે આ દુઃખદ ઘટનાથી ભુજ મંદિરને અને સમગ્ર સત્સંગીઓને મોટી ખોટ વર્તાશે જે તેમના ચીંધેલા માર્ગે ચાલી પૂર્ણ કરવાનો અનુરોધ કરેલ. વધુમાં તેઓએ જણાવેલું કે તેઓને બ્રહ્મનિષ્ઠ સંતો તરફ વિશેષ આદરભાવ હતો. તેઓની આજ્ઞામાં રહેતા અને શ્રીજી મહારાજમાં અખૂટ શ્રધ્ધા ધરાવતા આ નિષ્ઠાવાન બ્રહ્મદેવતાએ આપણા વિદેશના મંદિરોમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાઓ શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક કરાવેલ છે. તેમજ મહાયજ્ઞો દ્વારા પરંપરા જાળવીને ભક્તિભાવ દૃઢ કરવામાં વિશેષ યોગદાન આપેલ છે. પાઠશાળાના પ્રમુખશ્રી શિવજીભાઈ પાધરાએ શોક વ્યક્ત કરતાં જણાવેલ કે શ્રી ગુલાબશંકર મારાજની છત્રછાયામાં ચાલતી સંસ્થા તેમના જવાથી નિરાધાર બની ગઈ છે ત્યારે આ ખોટને સૌ સાથે મળી પૂરી કરવા માટે સહયોગ કરવા જણાવેલ. અવસાનના બરોબર એક મહિના પહેલાં જ વરદ્ હસ્તે ગૌશાળાનું નિર્માણ કરાવી પાઠશાળાને સમર્પિત શ્રી ગુલાબશંકર મારાજ પ્રત્યે ખૂબ જ શ્રધ્ધા અને આદરનો ભાવ ધરાવતા અનેક લોકો જ્યારે શારિરીક કે માનસિક બિમારીનો ભોગ બની ગયા હોય ત્યારે શ્રી ગુલાબશંકર મારાજનું માર્ગદર્શન લેવા જતા. મારાજ તેમને ઈષ્ટદેવનું ભજન, ઉપવાસ, એકટાણા જેવી શરીર અને મનની શુધ્ધિની પ્રક્રિયા સાથે અનેકવિધ જીવદયાની પ્રવૃત્તિ સાથે જોડી અનેક લોકોનું કલ્યાણ કરતા.

શ્રધ્ધાંજલિ સભામાં વચનામૃતના વક્તા મહેશભાઈ ઉપાધ્યાય રહેલ જ્યારે આભારવિધિ શીવજીભાઈએ કરેલ.

અહેવાલ :- દુર્ગેશ મહારાજ

## માંડવી મંદિરે તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાયો

તા.૩/૧૧/૨૦૧૪ કારતક સુદ ૧૧ના રોજ પ.ભ. લાલજીભાઇ કાનજી વેકરીયા ધ.પ. વાલબાઇ સુત રવજીભાઇના યજમાન પદે સવારે બહેનોના મંદિરે માંડવા રોપાયા હતા, અને તુલસીજીના યજમાન સાં.યો. નાનાં મેઘબાઇ રહ્યાં હતાં. તા. ૪ના રાત્રે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, તા. ૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે માંડવી શહેરમાં માંડવી વિસ્તારની કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ૧૧ મંડળી તથા બેન્ડના સથવારે ફરી મંદિરે પરત થઇ હતી, ત્યાર બાદ ભગવાનના તુલસીજી સાથે વેદ મંત્રોથી લગ્ન થયાં હતાં. આજે યજમાન પરિવાર તરફથી માંડવીના ચારે કાંધાના હરિભક્તોને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. સમગ્ર વ્યવસ્થા કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ હરિભક્તો અને સંતોએ સંભાળી હતી.

અહેવાલ-સ્વામી સર્વમંગલદાસજી

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૧/- | જીનીશાબેન હિતેશભાઈ જેઠી | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | ઓમ કશ્યપભાઈ સોલંકી | માંડવી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | વિનીતકુમાર વિરજીભાઈ ભાવાણી | ઈન્દોર | પુત્ર જન્મ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | કાનજી માવજી નાકરાણી | અંજાર | દિપાવલી નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | વેલજી રામજી હિરાણી ધ.પ. કાનબાઈ | સુખપર | ઠાકોરજીને વાઘા અને ચાંદીના વાસણ અર્પણ કર્યા તે નિમિત્તે ભેટ |
| ૩૦૧/- | કસ્તુરબેન રમેશભાઈ હીરાણી | નારણપર ની.વા. | પુત્રીના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | માવજી દેવજી વાઘજીયાણી | સુખપર | પુત્રી ઉર્વશીના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | માવજી દેવજી વાઘજીયાણી | સુખપર | પૌત્ર ચિ. ધ્રુવના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | વિજેશ રવજી અરજણ પિંડોરીયા | નારણપર ઉ.વા. | લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર | અલતુર્કી મસ્કત | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | મનજી કરસન શિયાણી | કોડકી | અ.નિ. માતુશ્રી કેશરબાઈ કરસન શિયાણીના મોક્ષાર્થે |
| ૨૦૧/- | કરસન રામજી વેકરીયા | માધાપર | ચિ. અનિતા કરસન વેકરીયાના લગ્ન નિમિત્તે |
| ૨૦૦/- | ખીમજી માવજી રામજી માંડાણી | બળદીયા | શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે |
| ૫૦૦/- | નૈતિક હિતેશ હીરાણી | માનકુવા-નૈરોબી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | મૈત્રી હિતેશ હીરાણી | માનકુવા-નૈરોબી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | મનોજ શિવજીભાઈ પિંડોરીયા | માધાપર-નૈરોબી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | નરેશ શિવજીભાઈ પિંડોરીયા | માધાપર-નૈરોબી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૨૨/- | સામબાઈ વિશ્રામ ગામી | માધાપર- કાર્ડીફ | ભુજમાં અક્ષરભુવન ઉત્સવ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | ચંપાબેન જયરાજ મેપાણી | ઈસ્ટ લંડન | ભુજમાં અક્ષરભુવન ઉત્સવ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | નીતા ધનજી રાબડીયા | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | દેવજી શિવજી સામજી હિરાણી | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | લાલજીભાઈ ખીમજી નારણ રાબડીયા | ભુજ | નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ |
| ૧૧૦/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કું. | કોડકી | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | મનજી પ્રેમજી હાલાઈ હ. પ્રેમીલાબેન | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | ગોવિંદભાઈ કેશરાભાઈ પોકાર | દયાપર-નડિયાદ | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ |






















(૧-૨) તુલસી વિવાહ ઓલ્ડહામ યુ.કે. (૩-૪) અન્નકૂટદર્શન તથા અન્નકૂટ આરતીનો લાભ લેતા ભક્તો-બોલ્ટન. (૫) ખંભાતથી બાઈસિકલ દ્વારા તીર્થધામ ભુજના દર્શને આવેલા ભક્તો. (૬-૭) અન્નકૂટ દર્શન તથા આરતીનો લાભ લેતા ભક્તો-મેલ્બોર્ન (ઓસ્ટ્રેલિયા).(૮) મસ્કત અલતુર્કિ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટ દર્શન. (૯) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનિઓ એથ્લેટિક્સમાં રાજ્ય કક્ષાએ સારૂ પ્રદર્શન-ભુજ. (૧૦) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનિઓ અન્ડર ૧૭ તથા અન્ડર ૧૯ બીચ વોલીબોલમાં ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ વિજેતા-ભુજ.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2014

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ એકાદશ નિવાસી શિબિરનું ભવ્ય આયોજન પૂ. મહંત સ્વામીના આશીર્વાદથી ભવ્યતાથી સંપન્ન થયું - ભુજ.

















